श्रीबालकृष्णो जयति

ગોસ્વામિ શ્રીમદ્દ્હરિરાય પ્રણીત

# પુષ્ટિમાર્ગ લક્ષણાનિમૂલ.

તથા

ગોસ્વામિશ્રીમદનિરૂદ્ધાચાર્યપ્રણીત પ્રકાશ
નામક સંસ્કૃત ટીકા.

તથા

શાસ્ત્રી દુર્લભજી દેવકૃષ્ણકૃત ગુજરાતી ભાષાન્તર.

---

पद्यार्धाद्वच्मि शास्त्राणां संदोहं वह्निनोदितम् ।
ब्रह्मसत्यं जगत्सत्यमंशो जीवो हि नापरः ॥ १ ॥

---

પ્રકાશક,
નટપુરસ્થશ્રીમદનિરૂદ્ધાચાર્યજી.

વલ્લભાબ્દ ૪૩૨ સને ૧૯૧૦.

ન્યોછાવર બે આના.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

છાપનાર—સોમાલાલ મંગળદાસ શાહ.

# शुद्धिपत्रम्.

| पृ. | पं. | अशुद्धम्. | शुद्धम्. |
|---|---|---|---|
| १ | २४ | नियामकः" इतिस्थितिः | नियामक इतिस्थितिः" |
| ३ | ११ | भर्जिताः | भार्जिता |
| ,, | ,, | धानाः | धाना |
| ४ | ५ | व्याख्यास्यामः | व्याख्यास्यते |
| ४ | २४ | पोषण | पोषणं |
| ६ | १७ | ग्रंथ | ग्रंथ |
| ७ | १५ | भर्जिताः | भर्जिता |
| ,, | ,, | धानाः | धाना |
| १४ | ७ | साधनात्वा | साधनत्वा |
| १४ | २ | गाप्या | गोप्या |
| १६ | ११ | स्मृते | स्मृतेः |
| ,, | २० | उक्तं | उक्त |
| १८ | १० | પોતની | પોતાની |
| ३ | २१ | સંયોગવસ્થામાં | સંયોગાવસ્થામાં |
| २८ | १ | तद्दशीनां | ताद्दशीनां |
| ३१ | ११ | देहाना | देहानां |
| ४० | ११ | गुणाढ्य | गुणाढ्या |

# उपोद्घातः

श्रीमद्भागवतप्रतिपद्मणिवरभावांशुभूषितामूर्तिचरणरेणुभ्यो नमः॥

अयि भक्तिरसमिलिंदा भागवताः !

संप्रति श्रीमद्वल्लभाचार्यविरचितग्रंथाज्ञानतः कुतर्काकुलमानसा देवानांप्रियाः पुष्टिमार्गमाक्षिपन्ति. ते च सन्मार्गपरिपन्थिनः पुष्टिमार्गं चमनचर्षणव्यभिचारादिदुष्कर्मकरणमार्गं जल्पन्ति. किंतु कोऽपि दंमन्या वयुनविहीनाः श्रीमद्भगवज्ज्ञानावतारेण श्रीमद्वेदव्यासेन श्रीमद्भागवते प्रणीतमर्थं न जानन्ति। श्रीमद्व्यासचरणा आज्ञापयन्ति च " पोषणं तदनुग्रहः " यः श्रीकृष्णचंद्रस्यानुग्रहः सा पुष्टिः गीतायामपि श्रीकृष्णचरणास्तामेवोपदिशन्ति "तेषामेवानुकंपार्थ" मित्यत्रानुकंपोदिता सैव पुष्टिः॥ इत्थं शास्त्रीयवचोभिर्हर्यनुकंपात्मिका पुष्टिः सिध्यति नतु चमनचर्षणात्मिका श्रीमद्वल्लभाचार्यचरणा अपि चतुर्लक्षणी भाष्ये लक्षयन्तिपुष्टिं "साधनं विना स्वस्वरूपबलेनैव कार्य करणोहि पुष्टिः" जीवकृतसाधनमन्तरा पूर्णपुरुषोत्तमः स्वस्वरूपबलेन स्वप्राप्त्यात्मकं कार्यं साधयति सा पुष्टिः। तथाचाह श्रुतिः "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेनैव लभ्यः तस्यैष आत्मा वृणुते तनुंस्वां " हरिर्यमुद्दिधीर्षति तं कृपया वृणुते न तु जीवकृतोपकरणप्राबल्येन।

अन्यत्राप्युक्तं श्रीमद्भाष्यकारचरणैः। साधनक्रमेण मोचनेच्छा हि मर्यादामार्गीया मर्यादा विहितसाधनं विनैव मोचनेच्छा पुष्टिमार्गमर्यादा अन्यत्राप्युक्तं भाष्ये " पुष्टिमार्गोऽनुग्रहैकसाध्यः प्रमाणमार्गाद्विलक्षणः। " पुष्टिमार्गसिद्धावसहायशूरो भगवदनुग्रह एव साधनं मर्यादामार्गतो विलक्षणः। सिद्धान्तमुक्तावल्यामपि तैरुक्तं " अनुग्रहः पुष्टिमार्गे नियामकः" इति स्थितिः। एवं श्रीम-

द्वल्लभमप्रभुवाक्यै भंगवदनुग्रह एव पुष्टिरित्येवं निश्चीयते। अधिपुष्टि-पथं विषयसेवनमेव कर्तव्यत्वेन वरीवर्तीत्येवं द्वितीयमाक्षेपमाहुस्ते, यथाजाताः । किंत्वाक्षेपकरणादर्वाक् नताश्चिंतयान्ति स्म चेतासि यदुपदिष्टवन्त आचार्यचरणा इति "विषयाविष्टचित्तानां विष्ण्वावेशः सुदूरतः" येषां जीवानां चेतांसि विषयाविद्धानि तेषां परात्परस्य विषयच्छेदकस्य विष्णोरावेशः सुदूरतः। यथाच वारुणीदिग्गतं वस्तु व्रजन्नैन्द्रीं किमाप्नुयात् ॥ यथाच सामानाधिकरण्यं हि तेजास्तिमिरयोः कुतः ॥ यदि श्रीमद्वल्लभाचार्यचरणानां विषयसेवनादपवर्गोऽभिलाषितश्चेत्तर्हि निबन्धीयशास्त्रार्थप्रकरणे ब्रह्मज्ञानस्य पंचाङ्गानि नैवाज्ञापयेयुस्ते। उक्तंचतैः

" वैराग्यं सांख्ययोगौच तपो भक्तिश्च केशवे ॥
पंचपर्वेति विद्येयं यया विद्वान् हरिं विशेत् ॥ १ ॥

श्लोकेऽस्मिन् ब्रह्मविद्यायाः प्रथममङ्गं वैराग्यं जगदुः। किंलक्षणं वैराग्यं तत्र तैरेव भणितं विषयवैतृष्ण्यं वैराग्यमिति ॥

संन्यासानिर्णयनामके ग्रंथे श्रीमद्वल्लभप्रभुभिराज्ञापितं ।

"विषयाक्रांतदेहानां नावेशः सर्वथा हरेः" येषां शरीरिणां देहा विषयैराक्रांतास्तेषु भक्तदुःखानां हर्तुःपरात्परस्य " दिव्योह्यमूर्त पुरुषो स बाह्याभ्यंतरो ह्यजः। अप्राणो ह्यमनाःशुभ्रो ह्यक्षरात्परतः परः " इतिश्रुतेः पुरुषोत्तमस्यावेशः सर्वथा न भवति ॥ वाक्यैरेतैर्निश्चीयते यद् वेदगीतासूत्रश्रीमद्भागवतेषु प्रस्थानचतुष्टयेषु कामादीनां गंधोऽपि नास्तितर्हि तन्मूलकश्रीमद्वल्लभाचार्यराद्धान्ते कंदर्पदर्पकृताभिभवसंभावनापि कथंस्यात् तस्माद्ये ज्ञानशून्या बालिशा मनुजा पुरुषोत्तमानुकंपापथं दोषदुष्टं भाषन्ते ते हि मुधा बुक्कन्तीति प्रतीयते.

ननु "कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनंच तत्" तत्र पुष्टिपथे गोपिका गुरूनभाणिषुः श्रीमद्वल्लभाचार्याः ताश्चासन्कामिन्यः कारणगता गुणा:कार्यगुणानारभन्ते इति न्यायेन गोपिकामतवर्तिनां पुष्टिपथगामिनां कामदोषस्तु सहज एव तेन केष्वपि पुष्टिभक्तिमत्सु हरेरावेशो नैव भावी। तथाचाचार्यवचः "विषयाविष्टचित्तानां विष्णवावेशः सुदूरतः" तस्मात् पुष्टिवर्त्म न प्रभ्वाप्तिवर्त्म किंतु पाषंडवर्त्म इतिचेन्न गोपीजनाः कामिन आसन्नाहोस्विन्न सा मीमांसा तेषां वचनैरेव विधेया कुमार्यःपतित्वेन हरिं लिप्सवो यद् व्रतमकार्षुस्तदा श्रीकृष्णचंद्रएवोपादिशत्ताः

"न मय्यावेशितधियां कामः कामाय कल्पते ॥
भर्जिताः क्वथिता धानाः प्रायो बीजाय नेष्यते ॥

मय्यर्पितः कामः कामाय न कल्पते कथं भगवानाप्तकाम आत्मारामस्तेन निष्कामः। तेन साकं संपर्को निष्कामत्वं निर्गुणत्वंच संपादयेत् ॥

अत एवोक्तमाचार्यचरणैः सुबोधिन्यां
"कामेन पूरितः कामः संसारं जनयेत्स्फुटं।
कामाभावेन पूर्णस्तु निष्कामः स्यान्नसंशयः ॥१॥

यथा जातवेदसि हुतं द्रव्यं द्रव्यत्वेन नावशिष्यते किंतु भस्मैव भवेत् तद्वदानन्दघनस्य पुरुषोत्तमस्य येन केनापि संबधः स निरवध्यानंदप्राप्तिकरः। तथा निर्गुणावस्थामापन्नानां गोपीजनानामेवोक्तिरियं.

"आहुश्च ते नलिननाभ पदारविंदं
योगेश्वरै हृदि विचिंत्यमगाधबोधैः ॥
संसारकूपपतितोत्तरणावलंबं
गेहंजुषामपि मनस्युदयात्सदा नः ॥ १ ॥

पद्येऽस्मिन्नगाधबोधे योगिभिश्चेतस्येव चिंत्यस्य संसृतिकूपपतितोत्तरणावलंबस्य भगवत्पदपंकजस्यैव याञ्चा नतु विषयसेवनस्य एवंविधे वाक्ये निश्चीयते यन्नासीत्तासुकामगंधोऽपि ॥

विविच्यमानोऽयं विषयोऽस्य ग्रंथस्योनविंशे पद्ये विस्तरेण व्याख्यास्यामः। अत एव नात्र तन्यते। इत्थं भाष्यसुबोधिन्यादिष्वाकरेषु ग्रंथेषु सिद्धान्तमुक्तावलीपुष्टिप्रवाहमर्यादाप्रभृतिषु सुकरेषुच ग्रंथेषु श्रीमद्वैश्वानराचार्यचरणैः पुष्टिमार्गविषयकशंकाद्रुमस्योच्छेदोऽकारि। श्रीमद्वाक्पतीनां श्रीमद्वल्लभाचार्यचरणानां गभीरगीर्नीरानिधौ पामरनरनिवेशस्याशक्यत्वमालोच्य परमकृपापारावाराःश्रीहरिरायचरणाः पुष्टिमार्गलक्षणनामकग्रंथं ग्रंथयाञ्चक्रुः। यद्यपि प्रमेयरत्नार्णवे लालुभट्टोपनामकेन बालकृष्णेन ग्रंथस्यास्य टीका कृता तथापि तस्या अति संक्षेपत्वमालोक्य विस्तरेणोच्येत तदा जनास्तात्पर्यमनायासेन जानीयुरेवं विचिंत्य चेतसि शंकासमाधानपूर्वकं यथाधिषणं मया प्रकाशाख्यटीका व्यधायि। तां गुणग्राहिणो हर्यनुकंपावर्त्मवर्तिनः कोविदा विलोकिष्यन्ते इत्याशास्तेऽनिरुद्धाचार्यः

श्रीमद्वल्लभाचार्यचरणा विजयन्ते

ભક્તિરસભ્રમર પરમ વૈષ્ણવો ! હાલના સમયમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના ગ્રંથોના અજ્ઞાનથી કેટલાએક કુતર્કીઓ શ્રીમદ્વલ્લભાચાર્યે વિરચિત ગ્રંથો વાંચવાનો શ્રમ લીધા સિવાય જેમ મનમાં આવે તેમ આક્ષેપ કરે છે. સન્માર્ગના શત્રુઓ તે પુષ્ટિમાર્ગને ખાન પાન અને વ્યભિચારાદિ દુષ્ટ કૃત્યનો માર્ગ કહે છે. પણ પંડિતમાનીઓ જ્ઞાનહીનો તે શ્રીમદ્જ્ઞાનાવતાર શ્રીવ્યાસચરણ જે આજ્ઞા કરે છે. તે જાણતા નથી. શ્રીમદ્વ્યાસચરણ શ્રીભાગવતમાંજ કહે છે કે, "पोषण तदनुग्रहः" જે શ્રીકૃષ્ણચંદ્રનો અનુગ્રહ તેજ પુષ્ટિ. ગીતામાં પણ તે પુષ્ટિનો અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ઉપદેશ કરે છે. "तेषामेवानुकंपार्थमहमज्ञानजं तमः" આ સ્થલમાં જે અનુકંપા કહી તે પુષ્ટિ

આ પ્રમાણે શાસ્ત્રીય વચનોથી પ્રભુકૃપાત્મક માર્ગ સિદ્ધ થાય છે. પણ ખાનપાનાત્મક સિદ્ધ થતો નથી. શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પુષ્ટિનું લક્ષણ ભાષ્યમાં આ પ્રમાણે આપે છે. "**साधनं विना स्वस्वरूपबलेनैव कार्यकरणे हि पुष्टिः**" જીવકૃત સાધનની અપેક્ષા વિના પૂર્ણપુરૂષોત્તમ સ્વસ્વરૂપ બલથી જીવને પોતાની પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધ કરે છે તે પુષ્ટિ. શ્રુતિ પણ તેવીજ આજ્ઞા કરે છે. "**नायमात्माप्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेनैव लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुंस्वाम्**" આ આત્મા પ્રવચનથી મેળવી શકાય તેમ નથી. ધારણાનિપુણ એવી મતિથી પણ લભ્ય નથી. તેમ ઘણા શાસ્ત્રોથી પણ લભ્ય નથી. પ્રભુ પોતે જે જીવને ઉદ્ધાર કરવા ઇચ્છે તેથી જે જીવનું કૃપાથી વરણ કરે તેથી પ્રાપ્ત થઇ શકે તેમ છે. સ્વકૃત સાધનબલથી પ્રાપ્ત થઇ શકે તેમ નથી. બીજે સ્થળે પણ આચાર્યચરણ આજ્ઞા કરે છે કે "**साधनक्रमेण मोचनेच्छा हि मर्यादामार्गीया मर्यादा विहितसाधनं विनैव मोचनेच्छा पुष्टिमार्गमर्यादा**" સાધનક્રમથી જીવને મુક્ત કરવાની ઇચ્છા તે મર્યાદા માર્ગની મર્યાદા છે. વિહિત સાધન વિના જીવને મુક્ત કરવાની ઇચ્છા તે પુષ્ટિમાર્ગની મર્યાદા છે. બીજે સ્થલે પણ અણુભાષ્યમાં ભાષ્યકાર આજ્ઞા કરે છે કે "**पुष्टिमार्गोऽनुग्रहैकसाध्यः प्रमाणमार्गाद्विलक्षणः ॥**" પુષ્ટિમાર્ગની સિદ્ધિમાં ભગવત્કૃપાજ કારણ છે. અને તે માર્ગ પ્રમાણમાર્ગથી વિલક્ષણ છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં પણ શ્રીમદ્વલ્લભાચાર્યે આજ્ઞા કરેલી છે કે "**अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः**" પુષ્ટિમાર્ગમાં ભગવદનુગ્રહ નિયામક છે. આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યના વાક્યથી ભગવત્કૃપા, ભગવાનનો જે અનુગ્રહ એજ પુષ્ટિ એમ નિશ્ચય થાય છે. એટલે પુષ્ટિશબ્દના અર્થપર જે ખાવા પીવાથી પુષ્ટ થવાનો માર્ગ એવો આક્ષેપ કરવામાં આવે છે કે, પુષ્ટિમાર્ગમાં વિષયસેવન કરવું એજ કર્તવ્ય છે, પરંતુ એ આક્ષેપ કરવા પહેલાં ચિત્તમાં તે

વિચાર નથી કરતા કે શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણનો શું સિદ્ધાન્ત છે. શ્રીમદ્‌વલ્લભાધીશ પ્રભુ શ્રીસુબોધિનીમાં આજ્ઞા કરે છે "**विषयाविष्टचित्तानां विष्ण्वावेशः सुदूरतः**" જે જીવોના ચિત્ત વિષયોથી વિંધાઇ ગયેલા છે. તે જીવોમાં પરાત્પર વિષય છેદક પ્રભુનો આવેશ ઘણો દૂર છે. જેમકે પૂર્વ દિશામાં જનાર મનુષ્યને પશ્ચિમ દિશામાં રહેલ વસ્તુનો લાભ થતો નથી. જેમ કે અંધકાર અને તમિસ્રનાશક તેજ તેની એક સ્થળે એક વખતે સ્થિતિ, હોઈ શકતી નથી. જો શ્રીમદ્‌આચાર્યચરણને વિષય સેવનથીજ મોક્ષ ઈષ્ટ હોત તો નિબંધ ગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં બ્રહ્મ જ્ઞાનના પાંચ અંગની શા માટે આજ્ઞા કરત "**वैराग्यं सांख्ययोगौच तपोभक्तिश्च केशवे। पंचपर्वेति विद्येयं यया विद्वान् हरिं विशेत् ॥**" એ શ્લોકમાં બ્રહ્મવિદ્યાનું પ્રથમજ અંગ વૈરાગ્ય કહેલું છે. વૈરાગ્ય એટલે શું તેનું લક્ષણ પોતેજ પ્રકાશ નામની ટીકામાં આપે છે કે "**विषयवैतृष्ण्यं वैराग्यं**" સર્વ વિષયમાંથી તૃષ્ણાનો ત્યાગ તે વૈરાગ્ય, સંન્યાસ નિર્ણય નામના ગ્રંથમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે "**विषयाक्रांतदेहानां नावेशः सर्वथाहरेः ॥**" જે જીવોના દેહો વિષયોથી દબાઈ ગયેલા છે. તે જીવોના દેહમાં ભક્તના દુઃખને હરણ કરનાર પરાત્પર દિવ્ય બાહ્યાભ્યંતર રસાવિષ્ટ અક્ષર થકીપર પૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મનો આવેશ સર્વથા થતોજ નથી. આટલાં વાકયોથી નિશ્ચય થાય છે કે વેદ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તત્ત્વસૂત્ર શ્રીમદ્ ભાગવત ઈત્યાદિ પ્રસ્થાન ચતુષ્ટયમાં કામાદિ દોષનો સંસ્પર્શ નથી તો તન્મૂલક શ્રીમદ્‌વલ્લભાચાર્યના સિદ્ધાન્તમાં તે દોષ કયાંથીજ હોઈ શકે. આટલા હેતુ માટે જે જ્ઞાન શૂન્ય મૂર્ખ પુરૂષો પોતામાં રહેલા દોષોનો પુષ્ટિમાર્ગપર આરોપ કરી પુષ્ટિમાર્ગને દોષયુક્ત કહે છે તે વૃથા જલ્પના કરે છે. એમ પ્રતીત થાય છે.

શંકા—" શ્રીવલ્લભાચાર્યે સંન્યાસ નિર્ણયગ્રંથમાં "**कौण्डिन्यो गोपिकाःप्रोक्ता गुरवः साधनंचतत्**" એ શ્લોકમાં ગોપીજનોને

પુષ્ટિમાર્ગના ગુરૂ કહેલા છે. અને ગોપીજનો કામી હતા. એવો ન્યાય છે કે કારણમાં રહેલા ગુણો કાર્યનો આરંભ કરે છે. એ ન્યાયથી ગોપીકામતવર્તી પુષ્ટિપથગામી મનુષ્યને કામદોષ સહજ છે. ત્યારે પુષ્ટિભક્તિવાલા કોઇ પણ પુરૂષમાં હરિનો આવેશ નહિ થાય કારણ કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે " **विषयाक्रान्तचित्तानां विष्ण्वावेशः सुदूरतः** " આટલા માટે પુષ્ટિમાર્ગ ભગવત્પ્રાપ્તિનો માર્ગ નથી પણ પાખંડ માર્ગ છે. એમ જો કોઇ પણ આસુરને શંકા થતી હોય તો તે શંકાનો અવકાશ નથી.

ગોપીજનો કામી હતા કે શુદ્ધપ્રેમી ભક્ત હતા તેનો નિશ્ચય શ્રીકૃષ્ણચંદ્રના તથા ગોપીજનોના વાકયોથી કરવો યોગ્ય છે. જે વખતે કુમારીકાઓએ શ્રીહરિ અમારા પતિ થાય એવી કામનાથી વ્રત કર્યું હતું તે વખત શ્રીકૃષ્ણચંદ્રજ તેઓને ઉપદેશ કરે છે.

**"न मय्यावेशितधियां कामः कामाय कल्पते ॥**

**भर्जिताः कथिता धानाःप्रायो बीजाय नेष्यते॥"**

મારામાં અર્પણ કરેલો કામ કામને માટે કલ્પાતો નથી. કારણ કે ભગવાન્ નિષ્કામ છે. અને તેની સાથેનો સંપર્ક નિષ્કામત્વ અને નિર્ગુણત્વ પ્રાપ્ત કરે છે. આટલા માટે શ્રીમદ્વલ્લભાચાર્યજી સુબોધિનીમાં આજ્ઞા કરે છે કે

**"कामेन पूरितः कामः संसारं जनयेत् स्फुटं ॥**

**कामाभावेन पूर्णस्तु निष्कामः स्यान्न संशयः ।**

જેમ અગ્નિમાં હોમેલું દ્રવ્ય, દ્રવ્ય અવસ્થાથી બાકી રહેતું નથી. પરંતુ ભસ્મજ થાય છે. તેમ આનન્દઘન નિષ્કામપૂર્ણ પુરૂષોત્તમનો સંબંધ આનંદાંશનોઆવિર્ભાવ કરાવનારો છે. નિર્ગુણાવસ્થાને પ્રાપ્ત થયેલ ગોપીજનો આજ્ઞા કરે છે કે—

" आहुश्चते नलिननाभ पदारविंदं
योगेश्वरै र्हृदि विचिंत्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलंबं
गेहंजुषामपि मनस्युदयात्सदा नः ॥१॥"

આ શ્લોકથી ગોપીજનોએ ભગવત્પાદપદ્મનીજ યાચના કરેલી છે. કાંઈ વિષય સેવનની માગણી કરેલી નથી. આ વાક્યોથી નિશ્ચય થાય છે કે ગોપીજનોમાં કામનો ગંધ પણ નહુતો. આ વિષયપર વધારે વ્યાખ્યાન આ ગ્રંથના ૧૯ માં શ્લોકમાં કરીશું માટે અહિ વિસ્તાર કરતા નથી. આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યે ભાષ્ય સુબોધિની ઇત્યાદિ મોટા ગ્રંથમાં તથા સિદ્ધાન્તમુક્તાવલી ઇત્યાદિ નાના ગ્રંથમાં પુષ્ટિમાર્ગવિષયક શંકાવૃક્ષોચ્છેદ કરેલો છે. પરંતુ શ્રીવાક્પતિ શ્રીવલ્લભાધીશચરણની અગાધ વાણીમાં જીવનો પ્રવેશ થવો અશક્ય જાણી પરમકૃપાળુ શ્રીહરિરાયજીએ પુષ્ટિમાર્ગલક્ષણ નામનો ગ્રંથ રચ્યો. આ ગ્રંથની ટીકા પ્રમેય રત્નાર્ણવમાં લાલુભટ્ટજીએ કરેલી છે. તો પણ એ ટીકા ઘણી સંક્ષેપમાં છે. એમ જાણી જો વિસ્તારથી કહેવામાં આવે તો ગ્રંથનું તાત્પર્ય થોડા શ્રમથી તુરત ધ્યાનમાં આવે. એમ જાણી શંકા સમાધાનપૂર્વક યથામતિ મેં પ્રકાશ નામની ટીકા કરેલી છે એ ટીકાને ગુણગ્રાહી પુષ્ટિમાર્ગવર્તી વિદ્વાનો વાંચશે. એમ આશા છે.

॥ श्री हरिः ॥ श्रीमद्वल्लभः ॥

# श्रीपुष्टिमार्गलक्षणानि सटीकानि प्रारभ्यन्ते ।

## श्रीमद्वल्लभाचार्यचरणा विजयन्तेतमाम्

श्रीकृष्णचंद्रपादाब्जे लभ्यं प्रीत्या त्वनन्यया ॥
प्रणमामि कृपापूर्णे मनोमिलिंदमोददे ॥ १ ॥

अनेकै मिंत्रैर्यो हृदयबहलध्वान्तनिकरो ।
न नष्टो जीवानां बहुजननकारी दृढतरः ॥
मुदा तूर्णं चूर्णं नमपि विदधु र्वल्लभवरा ।
नुमस्तानाचार्यान् विबुधवरवन्द्यान् प्रणयतः ॥२॥

श्रीकृष्णपादपाथोजे संततं लग्नमानसं ।
निजभक्तकृपापूर्णं हरिरायं नमामि तं ॥३॥

तुलसीकाष्ठमालाभिः सर्वदा भूषितान् नरान् ।
हरिनामाक्षरमुखान् नमामि भगवत्परान् ॥४॥

## मूलम्

सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनम् ॥
फलं वा साधनं यत्र पुष्टिमार्गःस कथ्यते ॥ १ ॥

यत्र यस्मिन्मार्गे लौकिकालौकिकसकामनिष्कामादिसाधनसंघाभाव एव फलाप्ताविति फलस्यपूर्णानंदप्रभोराप्तौ साक्षात्कारे साधनं हेतुः स शुद्धपुष्टिभक्तिमार्गो गद्यते ननु मास्तु लोकवेदविहित साधनं तथापि दैन्यस्य साधनत्वाद् भगवति निःसाधनफलत्वं नैवसेत्स्यतीतिचेद्, उच्यते फलमिति फलरूपो भगवानेवानंदघन स्वरूपात्मकफलाप्तौसाधनं साध्यभगवत्स्वरूपस्य लाभादर्वाक्साध्यमेव साधनत्वेन वर्तते यस्मिन्मार्गे नतु भगवत्स्वरूपातिरिक्तस्य साधनत्वेनादानमितिभावः

ननु पुषपुष्टाविति धातोः स्त्रियांक्तिन्निति क्तिन्प्रत्यये कृते पुष्टेरिन्द्रियवाजिनां पोषणात्मकोऽर्थोऽस्ति तर्हि पुष्टिमार्गशब्देन हर्यनुकंपान्वितभक्तिमार्गं कथंकारं जागर्तीति भवानितिचेन्मैवं श्रीमद्भागवते श्रीमद्भगवज्ज्ञानावतारेणैव ल्युडन्तस्य पुष्धातो भगवदनुग्रहात्मकोऽर्थोऽभाषि तथाहि "पोषणं तदनुग्रहः" गीतायामपि गीतं गोविंदेन तेषामेवानुकंपार्थ"मित्यत्र यानुकंपोक्ता सैव पुष्टिः।अन्यच्च चतुर्लक्षण्याः साधनाध्याये निरूपितं व्यासचरणैः "विशेषानुग्रहश्च" अत्राचार्यशिरोमणिभिः श्रीमत्पुरुषोत्तमचरणैर्भाष्यप्रकाश आज्ञापितं। अयमेव च पुष्टिशब्देनोच्यते। श्रुतिरप्याह। "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेनैव लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुंस्वाम्" इतिश्रुतिसूत्रभगवद्गीताश्रीमद्भागवतवाक्यैश्च निश्चीयते यत्पुष्टेरर्थो भगवदनुग्रहः। अतएव श्रीमद्वैश्वानराचार्यैरपि भाष्य आज्ञापितं "कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते ताभ्यां विहिताभ्यां मुक्तिर्मर्यादा तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापणं पुष्टिरुच्यते" इति पूर्वोक्तं न शंकातंकाय कल्पते ॥ १ ॥

## ભાષાન્તર.

### मंगलं

श्रीमद्वल्लभपादपुष्करजनुर्मिथ्यामतस्याहितं
शुद्धाद्वैतसुगंधभारभरितं कृष्णेन्दुसंलक्षकं ॥
भक्तस्वान्तसुषट्पदैकनिलयं स्वीयैःसुसेवोलिमं
लभ्यं दैन्यत एव तत्प्रतिदिनं चेतस्तडागेऽस्तुमे ॥ १ ॥

यदमलपदपद्मपांसुसेवा
दृढतरसंसृतिनाशकारिहेवा ॥
हरिसुपादि चरीकरीति रक्तं
स विजयते भुवि दैशिकानिरुद्धः ॥ २ ॥

મૂલ—જે માર્ગમાં લૌકિક તથા અલૌકિક અને સકામ અથવા નિષ્કામ સર્વે સાધનોનો અભાવજ પૂર્ણ આનન્દ સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્રની પ્રાપ્તિમાં સાધનરૂપ છે. અર્થાત્ પ્રભુ પ્રાપ્તિમાં દૈન્યજ સાધન છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે.

વિવેચનઃ—શંકા—લૌકિક તથા વૈદિક સાધન કદાચ નહો તથાપિ દૈન્ય પણ સાધન છે. તેથી પ્રભુ નિઃસાધનતાથી મલે છે અર્થાત્ નિઃસાધનતાનું ફલ ભગવાન્ છે એમ નહિ કહી શકાય.

ઉત્તર—જે ફલરૂપ ભગવાન્ તેજ ફલપ્રાપ્તિમાં સાધનરૂપ છે. અર્થાત્ સાધ્ય ભગવત્સ્વરૂપના લાભ પહેલાં ભગવાન્જ સાધન છે. પણ ભગવદ્ વ્યતિરિક્ત કોઈ બીજા પદાર્થનું સાધન પણાથી ગ્રહણ કરવામાં આવતું નથી. તેથી તે શંકા રહી નહિ.

શંકા—પુષ્ધાતુનો અર્થ જાડા થવું તેવો છે તો તેનાથી क्तिप्रत्यय ભાવમાં થાય છે. તો પુષ્ટિ શબ્દનો અર્થ પુષ્ટ થવું થશે. ત્યારે પુષ્ટિમાર્ગનો અર્થ જાડા થવાનો માર્ગ થશે. પણ પુષ્ટિ શબ્દથી ભગવદનુગ્રહ જન્ય ભક્તિ કેમ કહોછો.

ઉત્તર—શ્રીમદ્ ભાગવતમાં ભગવદ્જ્ઞાનાવતાર શ્રીમદ્ વ્યાસચરણે **ल्युट्** પ્રત્યયાન્ત **पुष्** ધાતુનો અર્થ ભગવદનુગ્રહ કર્યો છે.

**"पोषणं तदनुग्रहः"** શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણચંદ્ર શ્રી મુખથીજ આજ્ઞા કરે છે કે **"तेषामेवानुकंपार्थं"** તેમાં જે અનુકંપા કહી છે તેજ પુષ્ટિ. અને ઉત્તર મીમાંસાના ત્રીજા અધ્યાયમાં પણ કહ્યું છે. **"विशेषानुग्रहश्च"** એ સૂત્રમાં સ્પષ્ટ રીતે ભગવદનુગ્રહનુંજ અને ભગવત્ કૃપાનુંજ પ્રતિપાદન કરેલું છે. અને તેજ સૂત્રના ભાષ્યના પ્રકાશમાં પણ શ્રીપુરૂષોત્તમજીએ આજ્ઞા કરી છે કે આ અનુગ્રહજ પુષ્ટિશબ્દવડે કહેવાય છે. અર્થાત્ ભગવદનુગ્રહ તેજ પુષ્ટિ. અને શ્રુતિ પણ કહે છે કે, **"नायमात्माप्रवचनेन"** આ શ્રુતિથી જે જીવના ઉપર ભગવત્ કૃપા થાય, ભગવદનુગ્રહ થાય, આ મારો દાસ છે એમ જીવનો ભગવાન્ અંગીકાર કરે, તેજ ભગવત્પ્રાપ્તિ કરી શકે છે. આ પ્રમાણે શ્રુતિ ગીતા સૂત્ર શ્રીમદ્ભાગવતાદિના વાક્યોથી નિશ્ચય થાય છે કે પુષ્ટિનો અર્થ ખાવું પીવું ને પુષ્ટ થવું તેવો નથી. પણ ભગવદનુગ્રહ ભગવત્કૃપાજ છે. તે કૃપાયુક્ત જે ભક્તિમાર્ગ તે પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે. માટેજ શ્રીમદ્વૈશ્વાનરાચાર્યજીએ પણ ભાષ્યમાં આજ્ઞા કરી છે કે **"कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेणबोध्यते ताभ्यांविहिताभ्यां मुक्तिर्मर्यादा तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापणं पुष्टिरुच्यते"** જીવને માટે શાસ્ત્રે જ્ઞાન અને ભક્તિરૂપ કૃતિથી સાધ્ય બે સાધનનો ઉપદેશ કરાય છે. તે વિહિત સાધન જ્ઞાન અને ભક્તિથી જે મુક્તિ તે મર્યાદા, તે સાધન વ્યતિરિક્તને પોતાના સ્વરૂપ બલવડે મુક્તિ તે પુષ્ટિ. માટે પુર્વોક્ત જે કહ્યું તે શંકારૂપી રોગ માટે કલ્પાતું નથી.

**मूलम्** **अनुग्रहेणैव सिद्धि लौकिकी यत्र वैदिकी ॥**
**न यत्नादन्यथा विघ्नः पुष्टिमार्गः स कथ्यते ॥ २ ॥**

यत्रमार्गे लौकिकी वैदिकीच सिद्धिः स्मृतिपुराणप्रतिपादित। निगमगादिताच सिद्धिः केवल भगवदनुग्रहेणैव भवति. भगवदनुकंपया भवति स शुद्धपुष्टिभक्तिमार्गो गद्यते. यत्नाद्विन्न एवोत्पद्येत शुद्धपुष्टिपथगामिनां सर्वाः सिद्धयो भगवदनुकंपाधीना इतिभावः

ननु यत्नविधानात्प्रत्यूहप्राप्त्यात्मकं कार्यदर्शनं कथमयत्नादेव विघ्नाभाव इतिचेदुच्यते हरिचरणचर्यातिरिक्तमयतमानानां फलमेव सा धनंमन्वानानां साधनात्वावच्छिन्नत्वेन भगवतः सत्त्वाद्भगवत्साक्षात्कारादर्वाक् हृदयस्थितेन भगवतैव विघ्नानां दूरीकरणं "तेष्वास्ते ह्यघभिद्धरिः" भगवन्तमेव साधनं जानतां विघ्नप्रतियोगितैवोचिता.

अन्यच्च "अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते। तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहं" इतिगीतावाक्यान्मदन्यसाधनान्तरस्याकिंचनकरत्वान्न भक्तानामिष्टफलसाधकत्वं तथा चोक्तंश्रीमदाचार्यचरणै र्भाष्ये"मर्यादापुष्टिभेदेन वरणं द्विधोच्यते तत्र सहकार्यंतराविधिस्तु मर्यादापक्षेणोच्यते पुष्टौ तु नान्यापेक्षा"अन्यच्च देशकालादिपु परत्सु शुद्धेषु सत्सु यागादीनां सिद्धिस्तस्याश्च फलभोगाय पुनर्जन्मावाप्तिः परं चातिसुखसाध्यं हरेर्भजनं विदधतो निर्विघ्नप्रभुप्राप्तिस्तथाहि "एकोऽपिकृष्णस्यकृतप्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः॥ दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय"॥ कृष्णस्य सदानन्दस्य पुरुषोत्तमस्य. "कृषि र्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः। तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते"इतिश्रुतेः एकोऽपि प्रणामो नमस्योत्कर्षस्वापकर्षमतिपूर्वककायादिव्यापारःकृतश्चेत् दशाश्वमेधावभृथेनेति निर्विघ्न परिसमाप्तेन दशवाजिमेधेन तुल्यो भवति अवभृथस्नानस्य समाप्तावेव विधानात्। यष्टाच फलभुक्त्यै पुनर्जननं कंकते कृष्णं नमन्तमेवाप्नोति नतु जनिं। बह्वायाससाध्यसाधनान्तरेभ्यःकृष्णस्य केवलंनमनमपि साधीयस्तरमितिभावः।

अतएवोक्तं श्रीमदाचार्यचरणैर्निबन्धे " न दृष्टःश्रुतपूर्वो वा भ
जन्कृष्णमनामयम् । नमुक्तःसर्वथा यस्माद् गाप्या गावस्तथाभवन् ।
अतएवकृष्णभजनातिरिक्त साधनमकुर्वाणस्य विघ्नप्रतिबंधस्था भाव
एवोचितः अन्य त्राप्युक्तं श्रीमदाचार्यचरणैः । हरिस्तु सर्वतो रक्ष
करिष्यति न संशयः ॥ २ ॥

મૂલ–જે માર્ગમાં લૌકિક (સ્મૃતિ પુરાણોક્ત) સિદ્ધિ તથા વેદો-ક્ત સિદ્ધિ બીજા કોઈ પણ સાધનની સહાયતા વિના હરિની કૃપાથીજ થાય છે. તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. હરિભજન વ્યતિરિક્ત યત્ન કરવાથી વિઘ્નજ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં રહેનારની સર્વ સિદ્ધિઓ ભગવત્કૃપાધીન છે.

વિવેચનઃ—શંકા. યત્ન કરવાથીજ વિઘ્નનો નાશ થવો જોઇએ અને અયત્નથીજ વિઘ્ન પ્રાપ્તિ થવી જોઇયે. પરંતુ યત્નથી વિઘ્નપ્રાપ્ત થાય છે. એમ કેમ કહી શકાય.

ઉત્તરઃ–ભગવદ્‌ભક્તિવ્યતિરિક્ત બીજો કોઇ પણ જાતનો યત્ન નહિ કરનાર ફલરૂપ શ્રી પુરૂષોત્તમનેજ સાધનરૂપ માનનાર અનન્યાશ્રયી ભક્તના સર્વ વિઘ્નો શ્રી હરિજ દૂર કરે છે. કારણ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે " तेष्वास्तेह्य घभिद्धरिः " તે ભક્તોના હૃદયમાં સર્વ પાપોના નાશ કરનાર શ્રી હરિ બીરાજે છે. તો શ્રી હરિનું બીરાજવું જ્યાં હોય ત્યાં વિઘ્ન સંભાવનાજ કેમ હોઈ શકે ? માટે અયત્નથીજ વિઘ્નનો નાશ થાય છે ને યત્નથી પ્રત્યૂહ પ્રાપ્તિ છે, એમજ માનવું યોગ્ય છે. શ્રી કૃષ્ણજ ગીતાજીમાં આજ્ઞા કરે છે કે 'अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहं" કેવલ મારૂંજ ( મદ્‌વ્યતિરિક્ત દેવની ભાવના છોડી) સ્મરણ કરનાર મારા અનુગ્રહથી જેણે ભક્તિ મેળવેલી છે એવા ભક્તો જે મારીજ સેવા કરે છે. તેવા ભક્તોનું યોગ (આ લોકમાં સેવા માટે ધનધાન્ય વસ્ત્ર ઇત્યાદિ) તથા ક્ષેમ

(અત્યંત શ્રેયો રૂપ મોક્ષ) હું સાધી આપું છું. એ પ્રમાણે ગીતા વાક્યથી મારા સિવાય બીજું કોઈ પણ સાધન ભકતના ઇચ્છિતાર્થને સિદ્ધ કરી શકનાર નથી. તેમજ શ્રીમદ્દ્આચાર્ય ચરણે ભાષ્યમાં કહ્યું છે કે ભગવાન્ જીવનો અંગીકાર મર્યાદા અને પુષ્ટિ એમ બે ભેદવડે કરે છે. જે માર્ગમાં યજ્ઞ આદિ સાધનોનો ઉપદેશ કરવામાં આવે છે તે મર્યાદા માર્ગ કહેવાય છે. પુષ્ટિમાર્ગમાંતો પ્રભુ વ્યતિરિકત કોઇપણ પદાર્થની અપેક્ષાજ નથી. બીજું દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ, મંત્ર એ છ પદાર્થ શુદ્ધ હોય ત્યારેજ યજ્ઞની સિદ્ધિ થાય છે. તે કર્મના ઉપભોગ માટે પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. પણ અતિ સુખ સાધ્ય હરિના ભજન કરનારને નિર્વિઘ્ને પ્રભુ પ્રાપ્ત થાય છે. માટે કહ્યું છે કે સદાનંદ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણને એક પણ નમસ્કાર કર્યો હોય તો તે નમસ્કાર નિર્વિઘ્ને પૂર્ણ થયેલા દશ અશ્વમેધની સમાન છે. દશ અશ્વમેધ કરનારને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. પણ કૃષ્ણ પ્રણામીને પુનર્જન્મ પ્રાપ્ત થતોજ નથી. માટેજ શ્રીમદ્દ્વલ્લભાચાર્યજી નિબંધમાં આજ્ઞા કરે છે કે એવું જોયું પણ નથી. તથા એવું સાંભળ્યું પણ નથી કે કૃષ્ણ ભકતને પુનઃ સંસાર પ્રાપ્ત થયો હોય. માટે અનન્યાશ્રયી ભકતોના વિઘ્ન શ્રી હરિજ દૂર કરે છે. માટે પ્રભુ ભજન વ્યતિરિક્ત સાધન નહિ કરનારને વિઘ્નનો અભાવ જે માર્ગમાં છે તેજ પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે. ॥૨॥

मूलम् यत्रांगीकरणंनैव योग्यतादिविचारणम् ॥
अविलंबः प्रभुकृतः पुष्टिमार्गः स कथ्यते ॥३॥

यत्र मार्गेऽगीकरणे प्रभुकृतवरणे योग्यतादिविचारणं नैव जीवगतवरणसाधकगुणानां मीमांसा नैव क्रियते। आदि शब्दाच्च वरणप्रतिबंधकरूपाणां दोषाणामपि । प्रभुकृतो वरणेऽविलंबः प्रभु जीवान् त्वरिततरमेवांगीकरोति स एव शुद्धपुष्टिभक्तिमार्गः

જે માર્ગમાં પ્રભુ જ્યારે ભક્તનું વરણ (અંગીકાર) કરે છે ત્યારે ભક્તોને વિષે યોગ્યતા છે કે નહિ તે વિષે વિચાર કરતા નથી, અને વરણ કરવામાં વિલંબ કરતા નથી. તેજ શુદ્ધપુષ્ટિ ભક્તિ માર્ગ છે. ॥૩॥

मूलम् स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ॥
धर्मनिष्ठायत्रनैव पुष्टिमार्गः स कथ्यते ॥ ४ ॥

श्रुतिस्मृतिपुराणेतिहासप्रणीतधर्माणां तात्पर्यं भगवत्स्वरूपेऽवगत्य भगवत्स्वरूपसाक्षात्कारान्तरायान् सर्वान् धर्मान् हित्वा स्वरूपमात्रपरतया स्थितिः स शुद्ध पुष्टिभक्तिमार्गो गद्यते.

ननु धर्मनिष्ठैवशास्त्रेणोपादिष्टा न कुत्रापिहेयत्वेन तथाहि “ धर्म एवहतो हन्ति धर्मोरक्षाति रक्षितः ॥ ” इति स्मृते धर्मनिष्ठायांश्रेयस्तर्हिकथंकारं धर्मनिष्ठा यत्र नेतिचेन्न । वाक्यमिदं मर्यादापरं भगवदनुग्रहमार्गे तु सर्वधर्मतात्पर्यं प्रभावेवावगत्य मनोवाग्देहैःकृष्ण एव सेव्यः । उक्तं च भगवता.

“ सर्वधर्मान्परित्यज्य मामेकं शरणंव्रज ॥
अहंत्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुच ॥ ”

इत्यत्रापि भक्तानां भगवदधीनत्वमुपदिश्यते न तु धर्माधीनत्वं श्रीमद्भागवतेऽप्याज्ञापितं प्रभुणैव “ मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ” निस्त्रैगुण्ये पथि विचरतां कालकर्मस्वभावाधीनत्वं न । उक्तंमाचार्यचरणै र्निबंधे “ कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादि बाधिका ” भगवदनुग्राहिणां न कालादीनां प्राबल्यं तेषां बाधकस्यानुग्रहस्य सत्वात् तर्हि कुतस्ते धर्मनिष्ठावन्तो भगवत्सेवायां चित्तस्य लीनत्वात् ॥ ४ ॥

જે માર્ગમાં શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસમાં પ્રતિપાદન કરેલા ધર્મોનું તાત્પર્ય ભગવાન્‌માં જાણીને ભગવત્સાક્ષાત્કારમાં

અંતરાયભૂત ધર્મોનો ત્યાગ કરી કેવલ પ્રભુ સ્વરૂપને વિષેજ એકતાન ચિત્તથી રહેવું તે શુદ્ધપુષ્ટિમાર્ગ કહેવાય છે.

શંકા–શાસ્ત્રો ધર્મનિષ્ઠાનો ઉપદેશ કરે છે પણ ધર્મનિષ્ઠાનો ત્યાગ કરવો તેમ ઉપદેશ કરતા નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે જો આપણે ધર્મનું રક્ષણ કરીયે તો રક્ષણ કરાયેલો ધર્મ આપણું રક્ષણ કરે છે. અને જો આપણે ધર્મને હણીયે તો તે હણાયેલો ધર્મ આપણને હણે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ધર્મનિષ્ઠામાંજ શ્રેય સમાયેલું છે. ત્યારે ધર્મનિષ્ઠા જે માર્ગમાં નથી તે પુષ્ટિમાર્ગ કહેવાતો હોય તો તે માર્ગ સશાસ્ત્ર કેમ કહેવાય ?

ઉત્તર–ધર્મપર વિશેષ ભાર મૂકવામાં આવે છે તે વાક્ય મર્યાદા માર્ગપર છે. પરંતુ પુષ્ટિપથમાં તો તમામ ધર્મોનું તાત્પર્ય પ્રભુમાંજ જાણી મન વાણી અને દેહ વડે શ્રીકૃષ્ણચંદ્રજ સેવવા. શ્રીકૃષ્ણ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે,

સર્વ ધર્મનો ત્યાગ કરીને ( શરણમાર્ગમાં વિરોધી ધર્મનો ત્યાગ કરી ) મારેજ શરણે આવ. એ સ્થલે ભક્તોનું ભગવાનનેજ અધીનપણું સૂચવ્યું છે. પણ ધર્માધીનપણું કહ્યું નથી. વળી શ્રી ભાગવતમાં પ્રભુ પોતેજ આજ્ઞા કરે છે કે તે ભક્તો મારા સિવાય કાંઈ પણ જાણતા નથી. અને હું પણ તે ભક્તો સિવાય કાંઈ પણ જાણતો નથી.

વળી ગુણાતીત માર્ગમાં વિચરનારા ભક્તોનું કાલકર્મ સ્વભાવાધીનપણું નથી. એ વિષે શ્રીવલ્લભ પ્રભુ નિબંધમાં આજ્ઞા કરે છે કે કૃષ્ણના અનુગ્રહરૂપ પુષ્ટિ કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરે છે એટલે જે માર્ગમાં કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરનાર ભગવદનુગ્રહ છે, ભગવત્ કૃપા છે, તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ કહેવાય છે. તેથી નિર્ગુણ માર્ગમાં વિચરનાર ભક્તોની નિષ્ઠા હરિ સિવાય બીજા કોઈ પણ પદાર્થમાં હોતી નથી તેથી ધર્મનિષ્ઠા ક્યાંથી હોઈ શકે. ॥૪॥

मूलम्   यत्र प्रभुकृतौ नैव गुणदोषविचारणम् ॥
तत्कृतावुत्तमत्वज्ञः पुष्टि मार्गः स कथ्यते ॥५॥

यत्र मार्गे प्रभुकृतौ प्रभोः पुरुषोत्तमस्य कृतौ रिंगणरोदना-द्यशनपानादिक्रियासु गुणदोषविचारणं नैव लौकिकक्रिया-तुल्यत्वान्नानुपादेयत्वं । कालीयदमनादिषु माहात्म्यज्ञापनादि ष्वन्यचरित्रेभ्यो वैशिष्ट्यबुद्धि र्न किंतु भगवत्कृतिमात्रमुत्तमं जानन्ति स शुद्धपुष्टिभक्तिमार्गः ॥ ५ ॥

જે માર્ગમાં પૂર્ણ પુરૂષોત્તમની ચાલવું, રૂદન કરવું, ભોજન કરવું તથા પાનાદિ ક્રિયા લૌકિકની તુલ્ય દેખાવાથી તે લીલામાં હીનબુદ્ધિ નથી, અને કાલીય દમનાદિ તથા ગિરિરાજ ધારણાદિ લીલામાં અન્ય લીલાથી ઉત્તમ બુદ્ધિ નથી. પરન્તુ પ્રભુ કૃત સર્વ લીલાને ઉત્તમ જાણવામાં આવે છે તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે. ।।૫।।

मूलम्   न लोकवेदसापेक्ष्यं सर्वथा यत्र वर्तते ॥
सापेक्षता स्वामिसुखे पुष्टिमार्गः स कथ्यते ॥ ६ ॥

यत्र मार्गे सर्वथा सर्वप्रकारेण स्वामिसुखमिच्छतां स्मृति-वेदयोरप्यपेक्षाभावः "यदा यमनुगृह्णाति भगवानात्मभावितः ॥ स जहाति मतिंलोके वेदेच परिनिष्ठिताम्" इति वाक्यात् स्वामिनः प्रभोः सुखमेव कामयन्ते स एव पुष्टिमार्गः कथ्यते ॥ ६ ॥

જે માર્ગમાં સ્વામિસુખને ઇચ્છનાર ભક્તોને સ્મૃતિ કે વેદ (કર્મકાંડ)ની અપેક્ષા નથી. જ્યારે ભગવાન્ જે ભક્તપર અનુગ્રહ કરે છે. તે ભક્તોની લોકમાં અને વેદમાં નિષ્ઠા રહેતી નથી, પણ કેવલ પ્રભુના સુખનીજ અપેક્ષા છે. તે શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ છે. ।।૬।।

मूलम्  वरणे दृश्यते यत्र हेतुर्नाणुरपि स्वतः ॥
वरणंच निजेच्छातः पुष्टिमार्गः स कथ्यते ॥७॥

यत्र मार्गे प्रभुकृते जीवांगीकरणे जीवकृतसाधनानां न किंचिदपि बीजं स्वीयेच्छयैव जीवान्स्वदासत्वेनांगीकरोति स शुद्धपुष्टिभक्तिमार्गः गमकं च तत्र "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैष वृणुते तेनैवलभ्य स्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम्" ॥ ७॥

જે માર્ગમાં પ્રભુ જે જીવનો અંગીકાર કરે છે. તે વરણમાં તે જીવના સાધનનું જરા પણ કારણ નથી. પણ પ્રભુ પોતાની ઇચ્છાથીજ જીવોને પોતાના દાસપણાથી અંગીકાર કરે છે. તે બાબત 'नायमात्मा प्रवचेन' આ શ્રુતિથી સ્પષ્ટ થાય છે. તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ કહેવાય છે. ॥૭॥

मूलम्  यत्र स्वतंत्रता भक्ते राविर्भावानपेक्षणात् ॥
पूर्णानुभवरूपत्वं पुष्टिमार्गः स कथ्यते ॥ ८ ॥

यत्रमार्गे आविर्भावानपेक्षणाद्विप्रयोगावस्थायामपि प्रभुकृत-प्राकट्यानपेक्षणात्स्वरूपानन्दात्मकफलदाने हरिगुणगानादिरूपाया भक्तेरेव स्वातन्त्र्यं. न तु स्वरूपाविर्भावसंबंधिरसस्याकांक्षा प्रियतया क्रियमाणस्य श्रवणकीर्तनादेरेव सर्वसुखानुभवरूपत्वं स शुद्धपुष्टि मार्गो गद्यते. "कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते" इति पुष्टिशब्देन क्वचिदनुग्रहोऽपर्णि क्वचिच्चानुग्रहजनिता भक्तिरिति पुष्टिभक्तेःस्वातन्त्र्यं ॥ ८ ॥

જે માર્ગમાં વિપ્રયોગાવસ્થામાં પ્રભુ પ્રાકટ્યની અપેક્ષા સિવાય સ્વરૂપાનન્દ ફલ આપવામાં ભગવદ્ ગુણગાનાદિ ભક્તિ-નીજ સ્વતંત્રતા છે. સ્વરૂપાવિર્ભાવ સંબંધી રસની બીલકુલ અ-પેક્ષાજ નથી. પ્રેમથી કરાતા શ્રવણ કીર્તનાદિનેજ સર્વ લીલાના

સુખનો અનુભવ કરાવવાપણું છે. મર્યાદા કૃષ્ણાધીન છે. ને પુષ્ટિ ભક્તિ સ્વતંત્ર છે. પુષ્ટિ શબ્દથી કોઈ સ્થલે ભગવદ્ અનુગ્રહ કહેવાય છે ને કોઈ સ્થલે પુષ્ટિ શબ્દથી અનુગ્રહ જનિત ભક્તિ કહેવાય છે. તે શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ છે. ॥૮॥

मूलम् लोकवेदभयाभावो यत्र भावातिरेकतः ॥
सर्वत्राधकतास्फूर्तिः पुष्टिमार्गःसकथ्यते ॥ ९ ॥

यत्रमार्गे भावातिरेकतो भगवति भावातिरेकतो लोकवेदभयाभावः स्त्रीपुत्रपतिभ्यो लौकिकेभ्यः " यावज्जीवमग्निहोत्रं जुहुयात् " " अहरहः संध्यामुपासीत " इतिवैदिककर्मभ्योऽपि भयाभावः। भगवद्भावे सति सर्वेषां कालकर्मस्वभावादीनां बाधकतायाः स्फूर्तिः " कृष्णानुग्रह " इति वाक्याच्च स शुद्ध पुष्टिभक्तिमार्गः। उक्तं च भागवते.

नारायणपराःसर्वे न कुतश्चन विभ्यति । स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः ॥ ९ ॥

જે માર્ગમાં પ્રભુને વિષે પ્રેમાધિક્ય થવાથી સ્ત્રી પુત્ર ઇત્યાદિ લૌકિકથી અને "यावज्जीवमग्निहोत्रं जुहुयात्" જીવિત પર્યંત અગ્નિહોત્ર હોમવું. "अहरहःसंध्यामुपासीत" પ્રતિદિન સંધ્યા કરવી. ઇત્યાદિ વૈદિક કર્મથી પણ બીલકુલ ભય રહેતું નથી. જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત થાય છે. ત્યારે કાલકર્મ સ્વભાવ આદિનું બલ તેની આગલ ચાલતુંજ નથી. તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે, નારાયણ પરાયણ ભગવદ્ ભક્તો કોઈનાથી ડરતા નથી. તથા સ્વર્ગ મોક્ષ અને નરકમાં પણ તુલ્ય દ્દષ્ટિવાળા હોય છે ॥૯॥

मूलम् संबंधः साधनं यत्र फलं संबंध एव हि ॥
सोऽपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः सकथ्यते ॥१०॥

यत्र मार्गे देहजनितो भावजनितो वा भगवता साकं जीवानां संबंधो हरौ सर्वेन्द्रियाणां सम्बन्धात्मके फले साधनं स शुद्धपुष्टिभक्तिमार्गः । स सबन्धोऽपि कृष्णेच्छया जातः श्रीमद् भागवते च चक्षुरिन्द्रियवतां फलत्वं भगवत्युक्तं तथाहि "अक्षण्वतां फलमिदं न परं विदामः" ॥१०॥

જે માર્ગમાં ભગવાનની સાથે દેહથી ઉત્પન્ન થયેલ સંબંધ તથા ભાવથી ઉત્પન્ન થયેલ સંબંધ તે હરિને વિષે સર્વ ઇન્દ્રિયના સંબંધાત્મક ફલને વિષે સાધન છે. અને તે સંબંધ પણ પ્રભુની ઇચ્છાથીજ થાય છે. તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે.

શ્રીમદ્ભાગવતમાં કહેલું છે કે, નેત્ર ઇન્દ્રિયવાલાઓને નેત્રનું ફલ તેજ છે કે ભગવદ્ દર્શન કરાય છે. ॥૧૦॥

मूलम् तत्संबंधिषु तद्भावस्तद्भिन्नेषु विरोधिता ॥
उदासीनेषु समता पुष्टिमार्गः सकथ्यते ॥ ११ ॥

यत्र मार्गे तत्संबंधिषु भगवत्संबंधिषु तद्भावो भगवद्भाव "उद्धवं पूजयाञ्चक्रुर्ज्ञात्वात्मान मधोक्षजम्" इति वाक्यात् । भगवति भगवद्भक्ते चाभेदः सूचितः । तद्भिन्नेषु भगवद्विमुखेषु विरोधिधिषणा यस्तत्याजाग्रजं कृष्णे सापत्यमघवानितिवाक्याद् भगवत्युदासीनेषु समत्वं स शुद्धपुष्टिभक्तिमार्गः ॥ ११ ॥

જે માર્ગમાં ભગવાનને વિષે સંબંધવાલા વૈષ્ણવોને વિષે ભગવદ્બુદ્ધિ રાખવામાં આવે છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે

'उद्धवं पूजयाञ्चक्रु ज्ञात्वात्मान मधोक्षजम्'

ગોપીકાઓએ ઉદ્ધવજીનું સાક્ષાત્ સ્વરૂપ સમજીને પૂજન કર્યું હતું. તથા ભગવદ્ વિમુખોને વિષે વિરોધિતા રાખવી. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે "यस्तत्याजाग्रजं कृष्णे सापत्यमघवानिति"

વિદુરજીએ કૃષ્ણને વિષે દોષબુદ્ધિ વાળા હોવાથી પુત્રો સાથે પોતાના મોટા ભાઇ ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો. ભગવાનને વિષે ઉદાસીન બુદ્ધિ રાખનારને વિષે ઉદાસીન બુદ્ધિ રાખવી. તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ. ॥ ૧૧ ॥

मूलम् विद्यमानस्य देहादे र्न स्वीयत्वेन भावनं ॥
परोक्षेऽपि तदर्थित्वं पुष्टिमार्गः स कथ्यते ॥१२॥

यत्र मार्गे विद्यमानस्य देहादेः शरीरेन्द्रियप्राणादेः स्वीयत्वेन ममतया भावनं रक्षणादिकं न किंतु परोक्षेऽपि विप्रयोगजनिततापतप्तान्तःकरणदशायामपि तदर्थित्वं. भविष्यन्तं प्रभुयोगं विचिन्त्य देहादीनां रक्षा. " त्वयि धृतासवस्त्वां विचिन्वते " इति वाक्यात् स शुद्ध पुष्टिभक्तिमार्गः कथ्यते ॥ १२ ॥

જે માર્ગમાં વિધમાન દેહ ઈન્દ્રિય પ્રાણ અંતઃકરણ આદિનું મમતાથી રક્ષણ કરવામાં આવતું નથી, પરંતુ વિપ્રયોગ અવસ્થામાં પણ થનાર પ્રભુ સંયોગનો વિચાર કરીનેજ દેહાદિનું રક્ષણ કરવામાં આવે છે. તે વિષે શ્રીમદ્‌ભાગવતમાં ગોપીજનોએ કહેલું છે કે (હે પ્રભો! આપને વિષે જેણે પ્રાણ ધારણ કરેલા છે એવા અમો આપને ખોળીયે છીએ,) તેજ શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે. ॥ ૧૨ ॥

मूलम् भजने यत्र सेव्यस्य नोपकारकृतिः क्वचित् ॥
पोषणं भावमात्रस्य पुष्टिमार्गः स कथ्यते. ॥ १३ ॥

यत्रमार्गे सेव्यस्य श्रीकृष्णस्य सेवायां भक्तैः काचिदप्युपकृतिः प्रभुकृतोपकारो नापेक्ष्यते ॥ अपि तु सेवकगतभावं पुष्णाति श्री कृष्णः स शुद्ध पुष्टिभक्तिमार्गः ॥ १३ ॥

જે માર્ગમાં સેવ્ય શ્રીકૃષ્ણની સેવામાં પ્રભુકૃત ઉપકારની અપેક્ષા રાખવામાં આવતી નથી, પણ શ્રીહરિજ સેવકના

હૃદયસ્થિત ભાવની વૃદ્ધિ કરે છે. તે શુદ્ધ પુષ્ટિ ભક્તિ માર્ગ કહેવાય છે. ॥ ૧૩ ॥

मूलम्  भजनस्यापवादो न क्रियते फलदानतः ॥
प्रभुणा यत्र तद्भावात् पुष्टिमार्गः स कथ्यते ॥ १४ ॥

यस्मिन्मार्गे प्रभुणा भक्तकृतभजनस्य फलदानतोऽपवादो भजनस्यापवादो न क्रियते। कथं। तद्भावात् तस्मिन्हरौ भावात् स्नेहाधिक्यात् स शुद्धपुष्टिभक्तिमार्गो गद्यते ॥ १४ ॥

જે માર્ગમાં પ્રભુ ભજનનું ફલ આપવાથી ભજનનો નિષેધ કરતા નથી. કારણ કે ભક્તનો હરિને વિષે દૃઢ સ્નેહ હોય છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે. ॥ ૧૪ ॥

मूलम्  यत्र वा सुखसंबंधो वियोगे संगमादपि ॥
सर्वलीलानुभवनः पुष्टिमार्गः स कथ्यते ॥

यत्रमार्गे वियोगे विप्रयोगावस्थायां सर्वलीलानुभवनो लीलाभावनमात्रेणान्तर्हृदये निखिललीलानुभवनः संगमादपि संयोगावस्थातोऽपि सुखसंबंधोऽधिकं सुखं संयोगावस्थायां प्रभुणा या या लीला क्रियते सासानुभूयते भक्तैः। विप्रयोगेतु भगवन्येव भक्तस्य चित्तस्य लीनत्वात् प्रभुकृतसकललीलानुभवो जायते स एव शुद्धपुष्टिभक्तिमार्गो गद्यते ॥ १५ ॥

જે માર્ગમાં ભગવદ્ વિપ્રયોગ અવસ્થામાં ભગવલ્લીલાના સ્મરણ માત્રથીજ હૃદય વિષે સમગ્ર લીલાનો અનુભવ થવાથી સંયોગાવસ્થા કરતાં વધારે સુખ વિપ્રયોગાવસ્થામાં છે, કારણ સંયોગાવસ્થામાં અર્થાત્ પ્રભુ સાક્ષાત્કાર દશામાં પ્રભુ જે લીલા કરે છે, તેજ લીલાનો અનુભવ ભક્તને થાય છે. પણ વિપ્રયોગ અવસ્થામાં તો ભક્તનું ચિત્ત પ્રભુમાંજ તલ્લીન હોવાથી પ્રભુએ કરેલી તમામ લીલાનો અનુભવ થાય છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે. ॥ ૧૫ ॥

मूलम्  फले च साधने चैव सर्वत्र विपरीतता

फलंभावः साधनं स पुष्टिमार्गः स कथ्यते ॥ १६ ॥

यत्रमार्गे साधनफलयोर्वैपरीत्यं स शुद्धपुष्टिभक्तिमार्गः । प्रभुप्राप्तिसाधनस्य भावस्य फलत्वं । तथाहि वृत्रःप्रत्यक्षं हरिं प्रति भावं प्रार्थयते ।

"अहं हरे तवपादैकमूलदासानुदासो भवितास्मि भूयः ॥
मनः स्मरेतासुपते गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः

इत्यत्र परमपुरुषार्थरूपः परमफलरूपो भगवान् साधनरूपभावाप्तौ साधनत्वेनोपदिष्टस्तेन फलस्य साधनत्वं साधनस्य च फलत्वं विशदतरं ॥ १६ ॥

જે માર્ગમાં સાધન અને ફલની વિપરીતતા છે. તેજ શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે, જેમકે સાધનરૂપ ભાવને ફલપણું છે. વૃત્રાસુર પ્રત્યક્ષ રહેલા ભગવાનની પાસે પ્રભુ વિષયક પ્રેમનીજ પ્રાર્થના કરે છે.

"अहं हरे तव पादैकमूल-
दासानुदासो भवितास्मि भूयः
मनः स्मरेतासुपते गुणांस्ते
गृणीत वाक् कर्मकरोतु कायः"

હે ભક્તના દુઃખને હરણ કરનાર, હે પ્રભુ હું ફરી પણ આપના ચરણારવિંદના દાસનો દાસ થાઉં. મારૂં મન આપના ગુણોનું સ્મરણ કરે. મારી વાણી આપના ગુણોનું ગૃણન કરે. મારી કાયા આપની સેવા કરે. પરમ પુરૂષાર્થરૂપ પરમ ફલરૂપ શ્રીહરિનો સાક્ષાત્કાર થયા બાદ ભગવદ્ વિષયક પ્રેમની યાચના કરવાથી પ્રભુપ્રેમ પ્રાપ્તિના સાધનરૂપ ભગવાન્ થયા. ત્યારે સાધન અને ફલનું વિપરીતપણું સ્પષ્ટ થાય છે. ॥ ૧૬ ॥

मूलम् पश्चात्तापः सदा यत्र तत्संबंधिकृतावपि ॥
दैन्योद्बोधाय सततं पुष्टिमार्गः स कथ्यते ॥१७॥

यत्र यस्मिन्मार्गे सर्वदा तत्संबंधिकृतावपि भगवल्लीलायामनुभूयमानायामपि सततं दैन्योद्बोधाय दैन्यजागृत्यै पश्चात्तापः॥ एकस्यां लीलायामनुभूयमानायामपि लीलान्तराननुभवजन्यतापो दर्पस्पर्शाभावाय स शुद्धपुष्टिभक्तिमार्गः ॥१७॥

જે માર્ગમાં હમેશાં ભગવલ્લીલાનો અનુભવ થતો હોય છતાં નિરંતર દૈન્ય જાગૃત રહે અને અભિમાનનો સંપર્ક ન થાય એટલા માટે અન્ય લીલાનો અનુભવ ન થવાથી તાપ રહે છે. તે શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે. ॥૧૭॥

मूलम् आविर्भावे नसापेक्षं दैन्यं यत्र हि साधनं
फलं वियोगजं दैन्यं पुष्टिमार्गः सकथ्यते ॥१८॥

यत्र मार्गे नसापेक्षमन्यनिरपेक्षं जीवस्थितं दैन्यमाविर्भावे प्रभुकृताविर्भावे साधनं तत्कारणं वियोगजं विप्रयोगजनितं दैन्यं फलं स शुद्धपुष्टिभक्तिमार्गः । प्रभ्वाविर्भावादर्वाक् यद् दैन्यं जातं तत्साधनमाविर्भावानन्तरं यद् दैन्यं तत्फलमितिभावः १८

જે માર્ગમાં બીજા કોઈ પણ સાધનની અપેક્ષા સિવાય જીવને દૈન્ય પ્રગટ થાય છે તે પ્રભુના આવિર્ભાવનું કારણ છે. તે દૈન્ય સાધન છે. ભગવદાવિર્ભાવ થયા બાદ વિયોગથી જે દૈન્ય થાય છે તે ફલરૂપ છે. તેજ શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ કહેવાય છે. તાત્પર્ય કે પ્રભુ પ્રાકટ્ય પહેલાં જે દૈન્ય છે તે દૈન્ય સાધન છે, અને પ્રભુના પ્રાકટ્ય અનંતર જે દૈન્ય છે તે ફલરૂપ છે. ॥૧૮॥

मूलम् समस्तविषयत्यागः सर्वभावेन यत्र वै ॥
समर्पणं च देहादेः पुष्टिमार्गः स कथ्यते ॥१९॥

यत्र मार्गे समस्तविषयत्यागो निखिललौकिकविषयाणां त्यागोऽनासक्तिसेवनं । सर्वभावेन सर्वात्मना देहादेः समर्पणं स शुद्ध पुष्टिभक्तिमार्गः । ननु श्रीमद्वल्लभाचार्यैरभाषियत् "कौण्डिन्यो गोपीकाः प्रोक्ता गुरवः साधनं च तत्" इत्यत्र पुष्टिमार्गस्याचार्यत्वं गोपीजनानां भणितं । आसन्च गोपीजनाः कामिनः । तर्हि पुष्टिमार्गे समस्तविषयत्यागं कथंकारं ब्रोब्रवीति भवानिति चेन्न । कामिन आसन्नाहोस्विन्न सा मीमांसा तेषां वचनामृतै र्विधेया तथाहि गोपीजनानामिदंवचः

"मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं
संत्यज्य सर्वं विषयांस्तवपादमूलं ॥
भक्ता भजस्व दुरवग्रह मात्यजास्मान्
देवोयथादिपुरुषो भजते मुमुक्षून् ॥

हे विभो अयि समर्थ एवं निर्दयं भाषितुं भवान्नार्हति कुन (एकादशेन्द्रियविषयान ) सम्यक्त्यक्त्वा यथा पुनर्नोदयेरन् तथा । वयं तव पादमूलं भक्ता भवत्सेवका जातास्तस्मादस्मान्मात्यज । अस्मिन् वाक्ये विषयलेशोऽपि न दरीदृश्यते । अन्यत्राप्युक्तं गोपीजनैः

"आहुश्च ते नलिननाभपदारविंदं
योगेश्वरै हृदि विचिंत्यमगाधबोधैः ॥
संसारकूपपतितोत्तरणावलंबं
गेहंजुषामपि मनस्युदयात्सदा नः ॥"

अयि जगन्नियन्तर्नलिननाभ अगाधबोधै योगेश्वरै हृदि विचिंत्यं संसारकूपपतितोत्तरणावलंबं ते पदारविंदं गेहं जुषामपि नो मनसि सदोदयात् इत्यत्र न कामयाञ्चा प्रत्युत संसृतिवृक्षच्छेदनदक्षस्य चरणस्यैव याञ्चा । शंकाकरणादर्वाक् प्रथमं श्रीमद्भाग-

वतत्रयस्त्रिंशदध्यायो विलोकनीयः। तत्र श्रीमच्छुकदेवः किमाज्ञापयति तथा चोक्तं श्रीशुकदेवेन.

" विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोनुशृणुयादथ वर्णयेद्य : ॥
भक्तिं परां भगवतिप्रतिलभ्यकामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ "

यः श्रीकृष्णचंद्रस्य गोपीभिः साकं रमणं श्रद्धयागास्यति वर्णयिष्यतिवा तदा हृदयगतगदं कामं हत्वा परात्परपुरुषोत्तमस्य परां भक्तिमधिगमिष्यति यदि श्रीशुकदेवो गोपी विषयिणीमन्वीत तर्हि रासलीलाश्रवणवर्णनाभ्यां कामनिवृत्यात्मकं फलं कथं वदेत्। अन्यच्च श्रीकृष्णचंद्रेण भक्ताय भणितं.

" तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ॥
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनं ॥७७॥

अयि भरतर्षभ सर्वपापमूलं कामं जहि। अत एव श्रीमद्वैश्वानराचार्यचरणा आज्ञापयन्ति सुबोधिन्याम् " विषयाविष्टचित्तानां विष्ण्वावेशः सुदूरतः " अन्यच्च " कामादीनामशिथिलत्वे भक्ति र्नोत्पत्स्यते ॥ अत एव श्रीहरिरायचरणाः कामाख्यदोषविवरणाख्यग्रंथ आज्ञापयन्ति.

" दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते ॥
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ।१।
" विषयावेशहेतुत्वात् विक्षेपोत्पत्तिकारणं ॥
रजोगुणसमुत्पन्नो रजः प्रक्षेपको मुखे ।२।

अन्य च्च "विषयाक्रांतदेहानां नावेशः सर्वथा हरेः" यदि विषया

क्रांतानामंतर्हृदये नावेशस्तर्हि यत्सविधेऽद्धा कूर्दते कृष्णस्तद्दर्शीनां प्रेमपूर्णानां गोपीनां कामित्वकथनादृते किमन्यद्धार्ष्ट्यम् ॥ तानुत्तमोत्तमभक्ताञ्चतुराननोऽप्येवमाह

" न स्त्रियो व्रजसुंदर्यः पुत्र ताः श्रुतयः किल
नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ।१।
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा
तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः ।२।

अन्यच्चोद्धव एवं ब्रवीति

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥

अन्यच्च हरिरप्येवमाह

" ता नाविदन्मय्यनुसंगबद्धधियः स्वमात्मानमदस्तथेदम्
यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे "

प्रापंचिक सकलपदार्थानुसंधानराहितेषु प्रेम्णा भगवल्लीन चित्तेषु गोपीजनेषु नासीत् कामगंधोऽपि तन्निर्विवादम् । अत एव पुष्टिमार्गे समस्त विषयत्याग उपदिश्यते ॥१०॥

જે માર્ગમાં સકલલૌકિક વિષયોનો ત્યાગ એટલે આસક્તિ રહિત વિષયો (શબ્દરૂપ રસ ગંધ સ્પર્શ)નું સેવન પ્રભુને સર્વ ભાવે દેહાદિકનું સમર્પણ કરવું. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે.

શંકાઃ—શ્રીમદ્ વલ્લભાચાર્યજી સન્યાસ નિર્ણય નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે. " कौण्डिन्यो गोपीकाः प्रोक्ता गुरवः साधनं च तत्—" ગોપીકાઓ પુષ્ટિમાર્ગના ગુરૂ છે. અને તે કામી હતા ત્યારે સમસ્ત વિષયોનો ત્યાગ આ માર્ગમાં ઈષ્ટ છે એમ તમે કેમ કહો છો.

ઉત્તરઃ—ગોપીજનો કામી હતાં કે નહિ તેનો નિશ્ચય તે ગોપીજનોના શ્રીમુખના વચનોથીજ કરવો યોગ્ય છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રી ગોપીજનો સ્પષ્ટ શ્રીમુખથીજ આજ્ઞા કરે છે. કે.

मैवंविभोऽर्हति भवानगदितुं नृशंसं ।
संत्यज्य सर्वविषयांस्तव पादमूलं
भक्ता भजस्व दुरवग्रह मात्यजास्मान्
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥

હે વિભો! હે સમર્થ! સર્વ એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો સારી રીતે એટલે ફરીથી ઉદય ન થવા પામે તેવી રીતે ત્યાગ કરી અમોએ આપનું ચરણારવિંદ પ્રાપ્ત કર્યું છે. માટે આપને આવાં નિર્દય વચન બોલવાં યોગ્ય નથી.

આ વાક્યમાં વિષય લેશ પણ દેખાતો નથી. બીજે સ્થળે પણ ગોપીજનોએ કહ્યું છે કે.

" आहुश्चते नलिननाभपदारविंदं
योगेश्वरै र्हृदि विचिंत्यमगाधबोधैः ॥
संसारकूपपतितोत्तरणावलंबं
गेहं जुषामपि मनस्युदियात्सदा नः

હે નલિનનાભ! યોગીશ્વરોએ હૃદયને વિષે ચિંતવન કરવા લાયક સંસાર રૂપી કુવામાં પડેલા જીવોને બહાર નિકલવા માટે ટેકા રૂપ આપનું ચરણારવિંદ ગૃહનું સેવન કરતાં એવા પણ અમારા મનમાં સર્વદા ઉદય પામે. આ જગ્યોયે બીલકુલ કામની યાચના નથી. પણ કામ નાશક ભગવદ્ચરણની માગણી છે.

તેમજ આવી શંકા કરતાં પહેલાં શ્રીમદ્ભાગવત દશમ સ્કંધનો ૩૩ મો અધ્યાય જોવો કે ભક્ત શિરોમણિ શ્રીશુકદેવજી શું આજ્ઞા કરે છે. શ્રી શુકદેવજી કહે છે કે,

" विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथवर्णयेद्यः ॥
भक्तिं परां भगवतिप्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ "

શ્રીકૃષ્ણચંદ્રની ગોપીકા સાથે કરેલી લીલાને જે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે કિંવા ગાન કરે. તે પ્રભુને વિષે પરાભક્તિને પ્રાપ્ત કરીને હૃદય રોગ રૂપી કામનો જલદી નાશ કરશે. જો શુકદેવજી ગોપીકાઓને કામી માનતા હોત તો રાસપંચાધ્યાયીના શ્રવણ કીર્ત્તનથી કામની નિવૃત્તિ અને ઉત્તમોત્તમ પરાભક્તિની પ્રાપ્તિ કેમ માનત. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ શ્રી કૃષ્ણચંદ્ર અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરે છે કે.

" तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनं ॥ "

હે ભરત કુલોત્તમ અર્જુન ! આટલા હેતુ માટે ઇન્દ્રિયોને પ્રથમ નિયમમાં લાવીને સર્વ પાપના મૂલભૂત કામને તું અવશ્ય હણ. આ હેતુ માટે શ્રીવલ્લભાચાર્યજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે. " **विषयाविष्टचित्तानां विष्णवावावेशः सुदूरत:** " જે જીવોનું ચિત્ત વિષયાવિષ્ટ છે. તેનાથી પરાત્પર પુરૂષોત્તમ સર્વ વ્યાપનશીલ શ્રીહરિનો આવેશ સર્વથા દૂરજ છે.

બીજે સ્થલે સુબોધિનીજીમાં સ્પષ્ટ કહ્યું છે કે.

" **कामादीनामशिथिलत्वे भक्ति र्नोत्पत्स्यत इति** " જ્યાં સુધી કામાદિ દોષો શિથિલ થતા નથી. ત્યાં સુધી. ભક્તિ ઉત્પન્ન થતીજ નથી.

આ સર્વ નિગૂઢ આશય ધ્યાનમાં લઈ શ્રીહરિરાયજી પણ કામાખ્ય દોષ વિવરણમાં આજ્ઞા કરે છે કે.

" दोषेषु प्रथमःकामो विविच्य विनिरूप्यते ॥
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ॥ १ ॥
विषयावेशहेतुत्वात् विक्षेपोत्पत्तिकारणम् ।
रजोगुणसमुत्पन्नो रजःप्रक्षेपको मुखे "

સર્વ દોષમાં કામ પ્રથમ છે. એ કામ જે જીવમાં ઉત્પન્ન થાય છે, તે જીવનો સર્વથા નાશ કરે છે. વિષયાવેશનું કારણુ-જ કામ છે. એ કામ રજોગુણમાંથી ઉત્પન્ન થએલો હોવાથી, જેમાં પ્રકટ થાય છે, તેના મુખમાં ધુલજ નખાવે છે.

તેમજ સંન્યાસ નિર્ણયમાં આચાર્ય શ્રી આજ્ઞા કરે છે કે,

વળી કહ્યું છે કે,

" विषयाक्रांतदेहान नावेशः सर्वथा हरेः "

જે જીવોના દેહ વિષયાક્રાંત થયેલા હોય છે. તે જીવોના દેહોમાં કદાપિ પણ શ્રીહરિનો આવેશ થતોજ નથી.

જો વિષયાક્રાંતમાં શ્રીહરિનો આવેશ થતોજ નથી. તો જેની આગળ શ્રીહરિ પરાત્પર પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્ર સાક્ષાત્પ્રત્યક્ષ લીલા કરે છે. રમણ કરે છે. તેમાં કામ સંભાવના કહેવી. તેનાથી નિર્લજ્જત્વ શું હોઈ શકે. અને જે ગોપીજનો માટે બ્રહ્માજી પોતેજ આજ્ઞા કરે છે કે.

" न स्त्रियो व्रजसुंदर्यः पुत्र ताः श्रुतयः किल ।
नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ॥१॥
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ।
तथापि न मया प्राप्ता स्तासां वै पादरेणवः ॥२॥

હે પુત્ર હે નારદ! વ્રજ સુંદરીઓ ગોપીકાઓ તે સ્ત્રિઓ નથી. પણ તે શ્રુતિઓ છે. અને હું તથા મહાદેવજી તથા શેષજી તથા લક્ષ્મીજી કોઈપણ વખત તેઓની બરોબર નથી. મેં

પૂર્વે સાઠહજાર વર્ષ સુધી તપ કર્યું હતું. પરંતુ તે ગોપીકાઓની ચરણ રજ મને મલી નહતી, અને ઉદ્ધવજી પણ તે ગોપીકાઓને માટે આવી રીતે કહે છે.

" वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ॥
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥ "

તે વ્રજ સ્ત્રિયોને હું વારંવાર નમન કરૂં છું. કે જે વ્રજ વનિતાનું હરિ કીર્તન ત્રણ ભુવનને પવિત્ર કરે છે.

તેમજ શ્રી કૃષ્ણ પોતે ગોપીકાઓ માટે આજ્ઞા કરે છે.

" ता नाविदन्मय्यनुसंगबद्ध-
धियःस्वमात्मानमदस्तथेदम् ॥
यथा समाधौ मुनयोऽब्धितोये
नद्यःप्रविष्टा इवनामरूपे ॥ "

જેમ સમુદ્રમાં પ્રવેશ કરતી નદીઓ પોતાના નામ રૂપને જાણતી નથી. અને જેમ સમાધિમાં મુનિયો પોતાના નામને તથા રૂપને જાણતા નથી. તેવીજ રીતે પ્રેમવડે કરીને મારામાં જેની બુદ્ધિ બંધાયેલી છે. તેવી તે ગોપીકાઓ મારા સિવાય ઇતર કાંઈ પણ જાણતીજ નથી. તો આવા પરમ પવિત્ર પ્રેમાત્મિકા ભક્તિની પરાકાષ્ઠા પ્રાપ્ત કરનાર ગોપીજનોમાં કામનો લેશ પણ કહેવો એ મહાન્ અયોગ્ય છે. માટે પુષ્ટિમાર્ગમાં સમસ્ત વિષયનો ત્યાગ કહ્યો તે યોગ્યજ છે. ॥ ૧૯ ॥

मूलम् विषयत्वेन तत्त्यागः स्वस्मिन्विषयता स्मृतः ॥
यत्र वै सर्वभावेन पुष्टिमार्गः सकथ्यते ॥२०॥

**यत्र मार्गे विषयत्वेन विषयाणां त्यागो भगवदीयत्वेन चादानं ममतापूर्वकविषयसेवनस्य बंधकत्वात् । " स एतावानास यतो वा इमानि भूतानि जायन्ते " इत्यादि श्रुतिभ्यः " तत्तसमन्वयात्**

जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् " इतिन्यायाच्च सकलप्रापंचिकपदार्थस्य भगवदभिन्नोपादानत्वात् भगवद्रूपत्वाच्च प्रपंचस्य त्यागक्रियानिरूपितत्याज्यविषयत्वाभावत्वं " स एकाकी न रमते स द्वितीयमैच्छत्' "एकोऽहं बहुस्याम् " "क्रीडार्थमात्मनइदं त्रिजगत्कृतं ते स्वाम्यंतु तत्र कुधियोऽपर ईश कुर्युः " अन्यच्च " क्रीडा भाण्डमिदं जगत् " एवं श्रुतिस्मृतिभ्यां प्रपंचरूपेण हरिरेवभूत्वा विहरति स्वयमित्यनेकशो बोध्यते तथा च श्रीमद्वल्लभप्रभुरप्या ज्ञापयति निबंधे " रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः " अन्यच्च " प्रपंचो भगवत्कार्यस्तद्रूपो माययाभवत् " तेन विषयाणां भगवदीयत्वेनादानं भगवदीयतया मनसा सम्यक्त्वेन भावितानामर्थानामुत्कृष्टत्वात् " इन्द्रियेभ्यः पराह्यर्था " इति श्रुतेः ।

अत एव भगवदनुग्रहयुक्तानां भागवतानां चक्षुरादीनीन्द्रियाणि भगवद्विषयकानेव विषयान्सेवन्ते तथाहि

" स वै मनः कृष्ण पदारविंदयो
र्वचांसि वैकुंठगुणानुवर्णने ॥
करौ हरेर्मंदिरमार्जनादिषु
श्रुतिचकाराच्युतसत्कथोदये ॥१॥
मुकुंदलिंगालयदर्शने दृशौ
तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसंगं ॥
घ्राणं च तत्पादसरोजसौरभे
श्रीमत्तुलस्यां रसनां तदर्पिते ॥२॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे
शिरो हृषीकेशपदाभिवंदने ॥

किंतु जीवबंधरूपाया विषयनिष्ठाया " एकस्यैव ममांशस्येतिवाक्यात् " अविद्याजनिताहंममतायास्त्याग एवोचितः । तस्याः संसाररूपत्वात् तस्याश्च ज्ञाननाश्यत्वात्

**सर्वभावेन सर्वात्मना स्वस्मिञ्जीवे स्मृतेर्भगवत्कृतस्मृते र्विषयता प्रभुकृतजीवस्मरणं "यदनुस्मर्यते काले" इति वाक्यात् स शुद्धपुष्टिमार्गो गद्यते ॥२०॥**

જે માર્ગમાં વિષયોનો વિષયત્વવડે કરીને ત્યાગ અને ભગવદીયત્વવડે કરીને ગ્રહણ કરવામાં આવે છે. મમતા પુર્વક વિષય સેવન કરવાથી બંધ પ્રાપ્ત થાય છે. પ્રપંચ મધ્યેની તમામ પદાર્થ બ્રહ્મરૂપ છે, તેજ શ્રુતિ આજ્ઞા કરે છે કેઃ–

**"स एतावानास यतो वा इमानि भूतानि जायन्ते"**

ઇત્યાદિ શ્રુતિઓ તથા " **तत्तुसमन्वयात् जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्** " ઇત્યાદિ બ્રહ્મસૂત્રોથી પણ પ્રપંચનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ હોવાથી. પ્રપંચ ભગવદ્રૂપ હોવાથી. પ્રપંચવર્તી પદાર્થનો ત્યાગ થઇ શકતો નથી.

**"एकाकी न रमते स द्वितीयमैच्छत्" "एकोऽहं बहुस्याम्" "क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतंते । स्वाम्यंतुतत्र कुधियोऽपरईश कुर्युः' "क्रीडाभाण्डमिदं जगत्"**

એકથી ક્રીડા થઇ શકે નહિ તેથી તે પ્રભુએ બીજાની ઇચ્છા કરી. એક હું બહુ થાઉં, વળી આત્માની એટલે પરાત્પર પુરૂષોત્તમની ક્રીડા માટે આ જગત્ કરેલું છે, તે જગત્‌ને જે મમતા સ્પદ ગણે છે તે પુરૂષો દુષ્ટ બુદ્ધિવાળા છે. તથા વળી બીજી જગ્યાએ કહેલું છે કે આ જગત્ પ્રભુની ક્રીડા માટે છે. ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિથી સિદ્ધ થાય છે કે હરિ પોતે પ્રપંચ રૂપ થઇ પોતે ક્રીડા કરે છે. અને તેજ શ્રીવલ્લભાચાર્ય નિબંધમાં આજ્ઞા કરે છે કે " **रुपनामविभेदेन जगत्क्रीडति यो यतः** ' અને વળી "**प्रपंचो भगवत्कार्यस्तद्रूपोमाययाभवत्** " રૂપ નામના ભેદવડે કરીને જે જગત્ રૂપે થયેલ છે. અને રૂપ નામના ભેદવડે કરીને જેનાથી જગત્ છે. રૂપ નામના ભેદવડે જે ક્રીડા કરે છે. તથા બીજે સ્થળે કહેલ છે પ્રપંચ ભગવત્કાર્ય છે, અને પ્રભુ તે પ્રપંચરૂપે

પોતાની શક્તિવડે થયેલ છે. વાસ્તે પ્રાપંચિક પદાર્થનુ ભગવદીયત્વે કરીને ગ્રહણ કરવું. કારણ મનવડે ભગવદ્ભાવથી ભાવના કરાયેલા પદાર્થો ઉત્તમ છે. " इन्द्रियेभ्यः पराह्यर्था " આ શ્રુતિથી ભગવદ્ભાવ ભાવિત પદાર્થોનું ઉત્તમત્વ સ્પષ્ટ કહેલું છે. એટલા માટે ભગવદનુગ્રહ યુક્ત વૈષ્ણવોના નેત્ર વાણી ઇત્યાદિ ઇન્દ્રિયો ભગવત્સબંધી વિષયોનું સેવન કરે છે. તે બાબત અંબરીષના ચરિત્રથી સ્પષ્ટ જણાશે.

" स वै मनः कृष्णपदारविंदयो
  र्वचांसि वैकुंठगुणानुवर्णने ॥
करौ हरेर्मंदिरमार्जनादिषु
  श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥ १ ॥
मुकुंदलिंगालयदर्शने दृशौ
  तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसंगं ॥
घ्राणं च तत्पादसरोजसौरभे
  श्रीमत्तुलस्यां रसनां तदर्पिते ॥ २ ॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे
  शिरोहृषीकेशपदाभिवंदने ॥

(ભા. ૯ અ. ૪)

પરમ ભક્ત રાજા અંબરીષજીએ પોતાના મનને શ્રીકૃષ્ણચંદ્રના પદારવિંદમાંજ રાખેલું હતું ને વાણીનો વૈકુંઠ ભગવાનના ગુણગાનમાંજ વિનિયોગ કરેલો હતો. તથા હાથનો પ્રભુના મંદીરની માર્જન ઇત્યાદિ ક્રિયામાં વિનિયોગ કરેલો હતો. શ્રવણનો હરિની ઉત્તમ કથા શ્રવણમાંજ વિનિયોગ કરેલો હતો ॥ ૧ ॥ નેત્રનો પ્રભુ સ્વરૂપના દર્શનમાં વિનિયોગ કરેલો હતો. પ્રભુ ભક્તના ગાત્રના સ્પર્શ થવામાં પોતાના અંગનો વિનિયોગ કરેલો હતો. નાસિકાનો પ્રભુ ચરણારવિંદની સુવાસમાં વિનિયોગ કરેલો હતો. ચરણનો ભગવન્મંદિર જવામાં વિનિયોગ કરેલો હતો. મસ્તકનો હૃષીકેશના ચરણારવિંદના વંદન કરવામાં વિનિયોગ કરેલો હતો.

પરંતુ જીવને બંધનરૂપ પદાર્થમાં રહેલી એવી અહંતા મમતાનોજ ત્યાગ કરવો તેજ ઉચિત છે. કારણ "**एकस्यैव ममांशस्य इतिवाक्यात्**" મારા અંશ રૂપ જીવને અવિદ્યાથી બંધન છે. તે અવિદ્યા સંસાર રૂપ છે. ને તેનો જ્ઞાનથી નાશ થઈ શકે છે. માટે ત્યાગ માત્ર અહંતા મમતાનોજ થઈ શકે છે.

જે માર્ગમાં ભગવત્સ્મૃતિનો વિષય જીવ થાય છે. તે શુદ્ધ પુષ્ટિભક્તિ માર્ગ કહેવાય છે.

**मूलम्** **एवंविधै र्विशेषेण प्रकारैस्तु सदाश्रितैः ॥**
**हृदि कृत्वा निजाचार्यान् पुष्टिमार्गो हि बुध्यताम् ॥२१॥**

**सदाश्रितै र्निरंतरमाश्रितैः श्रीकृष्णपदाम्बुरुहावलम्बिभिर्हृदि निजाचार्यान् कृत्वा हृदये हृदयतिमिरदलनदक्षान् वैश्वानराचार्यान् संवास्य "आचार्यवान् पुरुषो वेद" इति श्रुतेः । एवंविधैः प्रकारै र्विशेषेण पुष्टिमार्गो बुध्यताम् ॥२१॥**

**यस्य देवे परा भक्ति र्यथा देवे तथा गुरौ**
**तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥**
**स्वबालचपलालापश्रवणोत्सुकमानसाः ।**
**कृपयन्तु निजाचार्या मायावादतमोहराः**
**केनापि न निरुद्धोऽहं निजाचार्यकृपाबलात्**
**यत्सत्यं भयत्यागेन विवृतं स्फुरितं हृदि ॥ २ ॥**

**इति श्रीमद्वल्लभाचार्यचरणनखचंद्रमयूखच्छटाछिन्नस्वान्तध्वान्तेन श्रीमन्मुरलीधरतनुजनुषानिरुद्धेन कृतः श्रीमद्हरिरायप्रणीत-पुष्टिमार्गाभिधस्य ग्रंथस्य प्रकाशः समाप्तिमगमत् ॥**

સર્વદા હરિ ચરણ કમલ મકરંદનોજ આશ્રય કરનાર ભક્તો હૃદયાન્ધકાર નાશ કરવામાં નિપુણ શ્રી અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભપ્રભુને હૃદયમાં રાખીને આવા પ્રકારોએ વિશેષ પુષ્ટિ-માર્ગને જાણો.

અર્થાત્ પુષ્ટિમાર્ગ વિશેષ જાણવા ઇચ્છા હોય તો આચાર્યશ્રીના ભાષ્ય સુબોધન્યાદિ ગ્રંથો જાણવા.

જેની દેવમાં ઉત્તમ ભક્તિ છે અને જેવી દેવમાં ભક્તિ છે તેવીજ ગુરૂમાં પણ દૃઢ ભક્તિ છે તેવા મહાત્માને આ કહેવાયેલા અર્થો પ્રકાશ કરે છે. ।૧।

પોતાના બાલકના ચપલ આલાપ સાંભળવામાં ઉત્કંઠાવાલા માયાવાદરૂપી અંધકારનો નાશ કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ મારાપર કૃપા કરો. ।૨।

શ્રીમદ્ વલ્લભાચાર્યની કૃપાબલથી હું કોઇનાથી પણ રોકાઇ શકયો નથી તેથી મારા હૃદયમાં જે સ્ફુર્યું છે તેનો પ્રકાશ ભય ત્યાગ કરી મેં કર્યો છે. ।૩। ॥૨૧॥

**इतिश्रीमद्वल्लभाचार्यचरणानुकंपाकांक्षिणा देवकृष्णजानिना शास्त्रिदुर्लभजीशर्मणा श्रीपुष्टिमार्गलक्षणप्रकाशटीका गुर्जरवाण्यानुवादि ।**

---

## આ ગ્રંથના મુખપૃષ્ઠ ઉપર લખેલા

# ગોસ્વામિ શ્રી અનિરૂદ્ધાચાર્ય કૃત શ્લોકનું વિવેચન.

### લખનાર શાસ્ત્રી દુર્લભજી.

મૂલમ્ **पद्यार्धाद्वच्मि शास्त्राणां संदोहं वह्निनोदितम् ॥**

**ब्रह्म सत्यं जगत्सत्य मंशो जीवो हि नापरः ॥ १ ॥**

અર્થ—અગ્નિસ્વરૂપ શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણે જે શાસ્ત્રોનું રહસ્ય નિજ ગ્રંથોમાં કહેલું છે તે હું અર્ધા શ્લોકમાં કહું છું બ્રહ્મ સત્ય છે બ્રહ્મના સત્યત્વમાં “ **सत्यं ज्ञानमनन्तंब्रह्म** ” ઇત્યાદિ અનેક પ્રમાણો જાગરૂક છે. અને બ્રહ્મનું સત્યત્વ સર્વને સંમત છે પરંતુ સ્વરૂપમાં માન્યતા જુદી જુદી હોવાથી શાસ્ત્ર સાથે સંબંધ કઇ માન્યતા ધરાવે છે. તેનો વિચાર કરવો ઉચિત ધારૂં છું.

કેટલાએક બ્રહ્મને પરમાર્થથી નિર્ધર્મક, નિરાકાર, અકર્તૃ માને છે. પરન્તુ વેદાન્ત સિદ્ધાન્તના પ્રવક્તા સૂત્રકારનું માનવું તેનાથી ઉલટું છે. શ્રીમદ્ વ્યાસ ચરણ વેદાન્ત દર્શનમાં આજ્ઞા કરે છે કેઃ— " **सर्व धर्मोपपत्तेश्च** " ' **सर्वोपेताच्च तद्दर्शनात्** " વેદમાં કહેલાં ધર્મો સર્વ બ્રહ્મમાં ઘટે છે. તેમ બ્રહ્મ સર્વ શક્તિથી યુક્ત છે. એવું શ્રુતિમાં દર્શન થાય છે. **यः सर्वज्ञः सर्वशक्तिः सर्वकर्ता सर्वकामः** ' આથી બ્રહ્મનું સર્વ શક્તિમત્ત્વ સર્વકર્તૃત્વ સ્પષ્ટ થાય છે. ભૃગુઋષિએ પોતાના પિતા વરૂણની પાસે બ્રહ્મની જીજ્ઞાસાથી પુછયું કે ભગવન્ મને બ્રહ્મનો ઉપદેશ કરો. ત્યારે વરૂણે " **यतो वा इमानि भूतानि जायन्ते** " આ શ્રુતિ કહી. આ શ્રુતિની મતલબ આ પ્રમાણે છે, જેનાથી આ જગત્ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલાનું જેનાથી પાલન થાય છે. જેમાં લય થાય છે, અને ભક્તો ભક્તિથી જેમાં પ્રવેશ કરે છે તે બ્રહ્મ જાણ. તેમજ વ્યાસ ચરણ પણ વેદાન્ત દર્શનમાં ' **अथातो ब्रह्म जिज्ञासा** ' એ પ્રથમાધિકરણથી બ્રહ્મ વિચારની પ્રતિજ્ઞા કરીને પ્રતિજ્ઞાત બ્રહ્મનું લક્ષણ આપે છે. " **जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्** " આ પ્રપંચના જન્મસ્થિતિ ભંગ જેનાથી થાય છે તે બ્રહ્મ છે. તેમાં હેતુ આપે છે કે શાસ્ત્ર ( પૂર્વકાંડ અને ઉત્તરકાંડ ) માં બ્રહ્મનેજ જગતનું કારણ કહેલ છે આ સૂત્રમાં પણ બ્રહ્મનું કર્તૃત્વ સ્પષ્ટ જણાય છે. પરંતુ આ સૂત્રમાં ઉપક્રમનો વિરોધ સહન કરીને અધ્યારોપાપવાદાત્મક સ્વકપોલ કલ્પિત કલ્પનાને આગળ કરી બ્રહ્મમાં કર્તૃત્વનો અધ્યારોપ સમજવો એટલે આ લક્ષણ માયોપહિત શબલ બ્રહ્મ પરત્વે છે, તેમ માનવું સૂત્રકારના મતથી વિરૂદ્ધ છે. કેમકે વ્યાસજીએ જેની પ્રતિજ્ઞા કરી છે તેનુંજ પ્રતિપાદન કરેલું છે આ સ્થળે એક દેશી નામતને આશ્રય આપીયે તો પ્રતિજ્ઞા હાનિ દોષ પ્રાપ્ત થાય છે વળી વેદમાં સાકાર અને નિરાકાર શબ્દ વાચ્ય બ્રહ્મ એક જ છે. નિરાકાર એટલે પ્રાકૃત આકાર રહિત અને સાકાર એટલે આનંદાકાર આ પ્રમાણે બ્રહ્મ સર્વ ધર્મ યુક્ત છે સર્વ કર્તૃ છે. સાકાર છે અને સત્ય છે.

વળી જગતને કેટલાએક અસત્ય માને છે. જેમકે છીપમાં ચાંદીની ભ્રાન્તિ થાય છે, તેમાં ચાંદી સાચી હોતી નથી, તેવીજ રીતે બીજું દૃષ્ટાન્ત રજ્જુ સર્પનું આપે છે. તેવી રીતે ઇશ્વરમાં જગતની ભ્રાન્તિ થાય છે, તેથી જગત્ પદાર્થ નથી એટલે કે જગત્ ખોટું છે, પરન્તુ આ માનવું ઉચિત નથી. કેમકે જેણે સર્પ જોયેલો છે તેનેજ રજ્જુમાં સર્પનું સાદૃશ્ય હોવાથી ભ્રાન્તિ થાય છે પરન્તુ કદીપણ સર્પ જેણે જોએલો નથી તેવા પુરૂષને રજ્જુમાં સર્પની કદી પણ ભ્રાન્તિ થશે નહિ. તેવીજ રીતે જગતની ભ્રાન્તિ બ્રહ્મમાં ત્યારેજ સંભવે કે જ્યારે સાચું જગત પ્રથમ જોયું હોય પરન્તુ જગત્ પદાર્થજ નથી તો પછી ભ્રાન્તિની કલ્પના કરવી તે પાયા વિના ઘર ચણવા જેવું છે. વળી જીવને ભ્રાન્તિથી ઇશ્વરમાં જગત ભાસે છે. આવું એક દેશીનું કહેવું છે. પરંતુ છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહેલું છે કે **सेयंदेवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति** અર્થ.—તે બ્રહ્મરૂપ પરમદેવતાએ વિચાર્યું કે હું આ ત્રણ દેવતાઓ ( તેજ જલ અને પૃથ્વી ) પ્રત્યે આ જીવાત્માવડે પ્રવેશ કરીને નામરૂપનો વિસ્તાર કરૂં

આ સ્થળમાં બ્રહ્મને ત્રણ દેવતાનું પ્રત્યક્ષ થયું છે. જો ત્રણ દેવતા ( પૃથ્વી જલ તેજ ) ન હોય તો ભ્રમરહિત બ્રહ્મને તે ત્રણ દેવતાનું પ્રત્યક્ષ સંભવે નહિ. તેના મતમાં ભ્રાન્તિ માન જીવ છે પરન્તુ બ્રહ્મને ભ્રાન્તિ નથી. માટે ભ્રમરહિત બ્રહ્મને ત્રણ દેવતાનું પ્રત્યક્ષ વિવર્તની સિદ્ધિમાં વિરૂદ્ધ છે. આમ હોવાથી '**सर्वंखल्विदंब्रह्म**' ઇત્યાદિ શ્રુતિ '**तदनन्यत्वमारंभणशब्दादिभ्यः**' '**भावेचोपलब्धेः**' ઇત્યાદિ સૂત્રો જગત્ બ્રહ્મ રૂપ છે એમ બોધ કરે છે માટે જગત્ પણ સાચું છે.

વળી જીવને કેટલાએક વિભુ માને છે જેમકે ઘટાકાશ, મઠાકાશ, મહાકાશ ઇત્યાદિ એ રીતે આકાશ એક વ્યાપક હોવા છતાં ઉપાધિના ભેદથી કલ્પના કરવામાં આવે છે તેવી રીતે બ્રહ્મ એક છતાં અવિદ્યાની ઉપાધિથી જીવ કહેવાય છે. આવું

કહેવું પણ શ્રુતિ સૂત્રથી વિરૂદ્ધ હોવાથી ઉપેક્ષણીય છે. કેમકે '**यथा सुदीमात्**' '**वालाग्र शतभागस्य**' **एषोऽणुरात्मा**' ઇત્યાદિ શ્રુતિઓ જીવનું અણુત્વ સ્પષ્ટ બતાવે છે. અને વેદાન્ત દર્શનમાં પણ કહેલું છે કે "**उत्क्रांतिगत्यागतीनाम् ।**" શ્રુતિમાં કહેલી ઉત્ક્રાંતિ ગતિ અને આગતિનું શ્રવણ થવાથી જીવનું અણુ પરિમાણ સ્વીકારવું જોઇયે. જો જીવનું વિભુત્વ સ્વીકારવામાં આવે તો ઉત્ક્રાંતિગમન અને આગમન કેમ સંભવી શકે કદાચ કોઇને એવી શંકા થાય કે જીવને અણુ માનશો તો આખા શરીરમાં ચૈતન્યની પ્રાપ્તિ થશે નહિ પરન્તુ જે દેશમાં જીવ હશે ત્યાંજ ચૈતન્યની પ્રાપ્તિ થશે. તે શંકાનો નિરાસ વ્યાસ સૂત્રથી થાય છે. "**गुणाद्वालोकवत्**" જીવમાં ચૈતન્યગુણ હોવાથી આખા શરીરમાં ચૈતન્યની પ્રાપ્તિ થશે. તેમાં દૃષ્ટાન્ત આપે છે કે જેમ સૂર્ય અને મણિની પ્રભા સૂર્ય અને મણિનાથી અધિક દેશમાં રહે છે. માટે સતૂશાસ્ત્રનું અવલંબન કરીને જીવનું અણુત્વ માનવું તેજ યુક્ત છે. આવી રીતે સતૂશાસ્ત્રના આશ્રયથી જગત્ સત્ય અને જીવ અંશ માનવા છતાં દ્વૈતનો લેશ પણ નથી. કેમકે બ્રહ્મ નિજેચ્છાથી જડ જીવ અને અન્તર્યામી સ્વરૂપે થઈ ક્રીડા કરે છે. તે બાબત નીચેના શ્રુતિ સૂત્રથી સ્પષ્ટ થાય છે. '**एकोहं बहुस्याम्**' અને '**पराभिध्यानात् तत्तुतिरोहितम्**' વસ્તુ સ્થિતિ આમ છે. પરન્તુ કેટલાએકનું કહેવું એવું છે કે, દૃષ્ટા અને દૃશ્ય એમ બે પદાર્થ છે. તેમાં દૃષ્ટા ખરો છે અને દૃશ્ય ખોટો છે. એ માનવું અયુક્ત છે. પરન્તુ વેદાનુકૂલ આવું છે.

**ब्रह्मैव स्वेच्छया जातं जडजीवान्तरात्मकम् ॥**
**न तस्मिन्वस्तुतो भेदः सर्ववेदान्तडिंडिमः ॥ १ ॥**

બ્રહ્મ નિજેચ્છાથી જડ જીવ અને અન્તર્યામિ સ્વરૂપે થયેલ છે. પરન્તુ તેમાં વસ્તુતાએ ભેદ નથી આવો સર્વ વેદાન્ત ડિંડિમછે.

---

**સમાપ્ત.**

# વૈષ્ણવોને ખુશ ખબર.

**નડિયાદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયને અંગે વૈષ્ણવ ધર્મનાં પુસ્તકોની ડીપો ઉઘાડવામાં આવી છે તે ડીપોમાં નીચે લખેલાં તથા બીજાં તમામ વૈષ્ણવ ધર્મ સંબંધી પુસ્તકો મળી શકશે.**

| | |
|---|---|
| શ્રીમદ્વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર ... ... | ૨—૦—૦ |
| શ્રી કૃષ્ણલીલામૃત ભાગ ૧ શ્રીસુબોધિનીને આધારે લખાયેલો ગ્રંથ | ૧—૦—૦ |
| તત્વાર્થદીપ નિબંધ—શાસ્ત્રાર્થ પ્રકરણ પ્રકાશ તથા આવરણ ભંગ ટીકાના સાર સાથે ગુજરાતી ... ... | ૧—૦—૦ |
| શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું સંક્ષિપ્ત જીવન, તત્વજ્ઞાન, ઉપદેશ ગુજરાતી | ૦—૨—૦ |
| એજન ... ... ... ઇંગ્રેજી | ૦—૨—૦ |
| બાલાપ્રસંગનો સાર... ... ... ... | ૦—૪—૦ |
| કામાખ્યદોષ વિવરણ સટિક ... ... ... | ૦—૨—૦ |
| દુ:સંગ વિજ્ઞાન પ્રકાર સટિક (શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્યજી કૃત) | ૦—૨—૦ |
| વૈદીકમાર્ગ નિરીક્ષા... ... ... ... | ૦—૪—૦ |
| આમ્નાયતત્વ ભાસ્કર ... ... ... | ૦—૫—૦ |
| ભક્તિમાર્ગનું રહસ્ય... ... ... ... | ૦—૫—૦ |
| બ્રહ્મ સંબંધ કાવ્ય... ... ... ... | ૦—૮—૦ |
| દુર્મતધ્વાંત ભાસ્કર ... ... ... ... | ૦—૨—૦ |
| વૈષ્ણવોને નિત્ય નિયમોના પુરૂષોત્તમ સહસ્ત્ર નામ વિગેરે ૮૧ ગ્રંથ | ૦—૬—૦ |
| ઉપદેશ સુધા ... ... ... ... | ૦—૪—૦ |
| અણુભાષ્ય સંપૂર્ણ પ્રકાશ સાથે સંસ્કૃત ... ... | ૧૫—૦—૦ |
| તત્વદીપ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણ તથા સર્વનિર્ણય પ્રકરણ પ્રકાશ તથા આવરણ ભંગ ટીકા સાથે સંસ્કૃત ... | ૫—૦—૦ |
| ભક્તિમાર્તણ્ડ સંસ્કૃત ... ... ... | ૨—૦—૦ |
| વિદ્વન્મંડન સુવર્ણ સૂત્ર ટીકા સહિત સંસ્કૃત ... ... | ૨—૪—૦ |
| પ્રસ્થાન રત્નાકર સંસ્કૃત ... ... ... | ૨—૦—૦ |
| શ્રીમાધવતીર્થના તા. ૩૧-૭-૦૯ ના લેખનો જવાબ ... | ૦—૨—૦ |
| બ્રહ્મસૂત્રવૃત્તિ મરિચીકા સંસ્કૃત ... ... ... | ૨—૦—૦ |
| બ્રહ્મસૂત્રવૃત્તિ ભાવ પ્રકાશિકા સંસ્કૃત ... ... | ૧—૦—૦ |
| **શાસ્ત્રીય વિચાર** અથવા પુષ્ટિમાર્ગનો કલ્પિત છે એ ચોપડીમાના કેટલાક આક્ષેપોનો જવાબ.... ... | ૦—૩—૦ |
| શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત ( પટવારી કૃત ) ... ... | ૦—૧૨—૦ |
| શ્રીયમુનાજીનાં ૪૦ પદ તથા ગોપિગીત સમશ્લોકી ટીકા સહિત. | ૦—૨—૦ |

**ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.**
**પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મંત્રી.**